શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્

પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય
શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજની આજ્ઞાથી પ્રકાશિત

# ॥ શિક્ષાપત્રી ॥

(તથા હરિભક્તોને વર્ત્યાની રીતિ)

સંકલન : સ્વામી શ્રી આનંદસ્વરૂપદાસજી (વેદાંતાચાર્ય)

પ્રયોજક : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

: પ્રસિદ્ધ કર્તા :
કો. સ્વામી શ્રી વિરકતસ્વરૂપદાસજી
શ્રી સ્વામિનારાયણ મંદિર, સરધાર
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫. મો. ૯૮૭૯૭૫૮૫૦૩
Web : sardhardham.org

**પ્રકાશન :** સંવત ૨૦૭૪ શ્રીહરિ જયંતી તા. ૨૫/૩/૨૦૧૮

**આવૃતિ :** ચોથી

**પ્રત :** ૧૦,૦૦૦

**કુલ પ્રત :** ૩૦,૦૦૦

**પડતર કિંમત :**

**પ્રાપ્તિ સ્થાન :-**

૧. શ્રી સ્વા. મંદિર, સરધાર.
૨. શ્રી સ્વા. મંદિર, રાજાજી રાજ રોડ, ડોંબીવલી.(મુંબઈ)
૩. શ્રી સ્વા. મંદિર, મહુવા.
૪. શ્રી સ્વા. મંદિર, શ્રીજીનગર-સુરત.
૫. શ્રી સ્વા. મંદિર, યોગી ચોક, સીમાડા-સુરત.
૬. શ્રી સ્વા. મંદિર, માર્કેટીંગ યાર્ડ સામે, ભાવનગર.
૭. શ્રી સ્વા. મંદિર, જગન્નાથપુરી.(ઓડીસા)

**મુદ્રક :** શ્રી હરિકૃષ્ણ ગ્રાફિકસ - રાજકોટ
મો.૯૮૭૯૭ ૧૨૭૬૮

# પ્રસ્તાવના

શિક્ષાપત્રી તે *''મદ્રૂપમિતિ મદ્વાણી માન્યેયં પરમાદરાત્''* **એ શિ. શ્લો. ૨૦૯** માં શ્રીમુખે કહ્યા મુજબ મોક્ષદાતા ભગવાન શ્રી સ્વામિનારાયણનું જ વામયસ્વરૂપ છે આ શાસ્ત્ર આપણા ઉદ્ધવ સંપ્રદાયનાં **વૈદિકબંધારણ** માટે સર્વોત્તમ અને **સર્વમાન્ય** ગ્રંથ છે. મુમુક્ષુજનને ચારે પુરુષાર્થની સિદ્ધિ આપનાર **શિક્ષાપત્રી** નો મુખ્ય વિષય **મોક્ષ** છે અને 'સર્વજીવપ્રાણીનું **હિત** કરવું' એ તેની **વિશેષતા** છે. ભગવાન શ્રી સહજાનંદસ્વામીએ **'ગાગરમાં સાગર'** એ ન્યાયે તમામ સત્શાસ્ત્રનાં સારરૂપે આ શિક્ષાપત્રીની **રચના** કરીને પોતાનાં આશ્રિતોનું પરમશ્રેય થાય તે માટે નિત્યે પાઠ કરવાની **આજ્ઞા** શિક્ષાપત્રી શ્લો. ૨૦૮માં તથા વચનામૃત ગ. અં. પ્ર. ૧માં કરી છે. તેમાં બતાવેલા વિધિનિષેધરૂપ **નિયમોને** જે અનુસરે તે આધ્યાત્મિક અને ભૌતિકક્ષેત્રે પણ **ઉન્નતિ** પામી આત્યંતિક **કલ્યાણ**ને પામે છે. આ ઘોર કલિકાળમાં ચાલી રહેલ અંધશ્રદ્ધા અને વહેમોથી બચવા માટેનું **અમોઘ શસ્ત્ર** શિક્ષાપત્રી છે. તેથી **શિક્ષાપત્રી** તે **માતા** બાળકની જેમ **માનવમાત્ર**ની **હિતકારી** છે.

UNDER SHREE RADHARAMANDEV JUNAGADH

ભગવાન શ્રી સ્વામિનારાયણના આશિર્વાદથી સરધારમાં **મૂર્તિમંત** બની રહેવા આવેલા ભવ્ય **શિખ્ખરબધ્ધ મંદિર**ના 'મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવના ઉપક્રમે પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી **અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** તથા પ.પૂ. ૧૦૮ ભાવિઆચાર્ય શ્રી **નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના **આજ્ઞાત્મક શુભાશીર્વાદ** સહ આ કદમાં નાની છતાં ભાવાર્થમાં અતિ વિશાળ ગ્રંથ **પ્રસિધ્ધ** કરવામાં આવે છે. આ શિક્ષાપત્રી ગ્રંથની સાથે તેમાં કહેલા સદાચારને સહેલાઈથી સમજીને જીવનમાં ઉતારવાનું સુગમપડે તેમજ **અબાલ વૃધ્ધ ભક્તોને** સંપ્રદાયના **નિયમ-પ્રથાઓ વિનેય-વિવેક** વગેરેનું જ્ઞાન થાય એવા શુભશયથી અમારા અનુજ ગુરૂબંધુ પૂ. આનંદસ્વરૂપ સ્વામી દ્વારા શાસ્ત્રોના **સાર સંદોહન પૂર્વક** બનાવવામાં આવેલ ગ્રંથ **'હરિભક્તોને વર્ત્યાની રીતિ'**નો પણ સમાવેશ કરેલો છે. તમામભક્તજનો આ બંને ગ્રંથને પોતાના જીવનમાં ઉતારીને જીવનનને ધન્ય બનાવે તેવી **અપેક્ષા** સહ.

**લી. સાધુ નિત્યસ્વરૂપદાસજીના**

*ઘણા હેતપૂર્વક* **જયશ્રી સ્વામિનારાયણ**

सत्य अहिंसा प्रेम

श्रीहरि

आचार्य जा.र.नं. ८.०७५/२/२०५८
सनातन धर्मधुरंधर आचार्य श्री १००८
श्री अजेन्द्रप्रसादजी महाराजश्री
श्री नरेन्द्रप्रसादजी महाराजश्री
आचार्य निवास, श्री रघुवीर वाडी
संस्थान : वडताल पीन : ३८७३७५

SANSTHAN VADTAL

ता. २८/०३/२००२

પ.ભ. શ્રીસાધુ અમૃતસ્વરૂપદાસજી.
સરધાર.

જય શ્રીસ્વામિનારાયણ સહ.

વિશેષ- તમોએ "શિક્ષામૃત" નામનું પુસ્તક પ્રકાશિત કરવા અમારા આશિર્વાદ મેળવવા અમોને નકલ મોકલી છે. તે મળી છે.

સંપ્રદાયના મૂળભૂત ધર્મગ્રંથ "શિક્ષાપત્રીનો ફક્ત ગુજરાતી અનુવાદ પ્રકાશિત કરો છો તે આનંદની વાત છે. આ પુસ્તક પ્રકાશિત થાય તેવા આશિર્વાદ.
હાલમાં આ પુસ્તક સંપ્રદાયને તથા સત્સંગીઓને ખૂબ-ખૂબ ઉપયોગી થશે એવી અમારી શુભેચ્છા.

આચાર્ય મહારાજશ્રી

आचार्य महाराज श्री
संस्थान वडताल

भक्ति ज्ञान वैराग्य

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | શ્રી શિક્ષાપત્રી | ૧ થી ૮૮ |
| ૨. | શ્રી હરિભકતોને વર્ત્યાની રીતિ | ૮૯ થી ૧૩૮ |
| | ★ દેવની મર્યાદા | ૧૦૪ થી ૧૧૨ |
| | ★ શાસ્ત્રની મર્યાદા | ૧૧૨ થી ૧૧૩ |
| | ★ તીર્થ સ્થાનોની મર્યાદા | ૧૧૩ થી ૧૧૫ |
| | ★ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની મર્યાદા | ૧૧૫ થી ૧૧૮ |
| | ★ મોટેરાની મર્યાદા | ૧૧૮ થી ૧૨૭ |
| | ★ સમૈયાની મયાદા | ૧૨૭ થી ૧૩૧ |
| | ★ સામાન્ય મર્યાદા | ૧૩૧ થી ૧૩૮ |



તીર્થધામ સરધાર
UNDER SHREE RADHARAMANDEV JUNAGADH


:: જય શ્રી સ્વામિનારાયણ ::

॥ श्री स्वामिनारायणो विजयतेतराम् ॥

# ॥ શિક્ષાપત્રી ॥

(શ્રી સહજાનંદ સ્વામી* જે તે પોતાના સત્સંગી પ્રત્યે શિક્ષાપત્રીને લખતા થકા પ્રથમપોતાના ઈષ્ટદેવ જે શ્રીકૃષ્ણ ભગવાન તેનું **ધ્યાનરૂપ મંગળાચરણ** કરે છે.)

**वामे यस्य स्थिता राधा श्रीश्च यस्यास्ति वक्षसि ।**
**वृन्दावनविहारं तं श्रीकृष्णं हृदि चिन्तये ॥१॥**

હું જે તે મારા હૃદયને વિષે શ્રીકૃષ્ણ ભગવાનનું ધ્યાન કરું છું તે શ્રીકૃષ્ણ કેવા છે, તો - જેના ડાબા પડખાને વિષે રાધિકાજી રહ્યા છે, અને જેના વક્ષઃસ્થળને વિષે લક્ષ્મીજી રહ્યા

છે અને વૃન્દાવનને વિષે વિહારના કરનારા છે. ॥૧॥

लिखामि सहजानन्दस्वामी सर्वान्निजाश्रितान् ।
नानादेशस्थितान् शिक्षापत्रीं वृत्तालयस्थितः ॥२॥

અને વૃત્તાલય ગામને વિષે રહ્યા એવા સહજાનંદ સ્વામી જે અમે, તે અમે જે તે નાના પ્રકારના જે સર્વે દેશ તેમને વિષે રહ્યા એવા જે અમારા આશ્રિત સર્વે સત્સંગી તે પ્રત્યે શિક્ષાપત્રીને લખીએ છીએ. ॥૨॥

શ્રી ધર્મદેવ થકી છે જન્મ જેમનો એવા જે અમારા ભાઈ રામપ્રતાપજી તથા ઈચ્છારામજી તેમના પુત્ર જે અયોધ્યાપ્રસાદ નામે અને રઘુવીર નામે (જેને અમે અમારા

દત્તાપુત્ર કરીને સર્વે સત્સંગીના આચાર્યપણાને વિષે સ્થાપન કર્યા છે.) ॥૩॥

તથા અમારા આશ્રિત એવા જે મુકુંદાનંદ આદિક નૈષ્ઠિક બ્રહ્મચારી તથા અમારા આશ્રિત જે મયારામભટ્ટ આદિક ગૃહસ્થ સત્સંગી. ॥૪॥

તથા અમારે આશ્રિત જે સુવાસિની અને વિધવા એવી સર્વે બાઈઓ તથા મુક્તાનંદ આદિક જે સર્વે સાધુ. ॥૫॥

એ સર્વે-તેમણે પોતાના ધર્મની રક્ષાના કરનારા અને શાસ્ત્રને વિષે પ્રમાણરૂપ અને શ્રીમન્નારાયણની સ્મૃતિએ સહિત એવા જે અમારા રૂડા આશીર્વાદ તે વાંચવા. ॥૬॥

અને આ શિક્ષાપત્રી લખ્યાનું જે કારણ છે તે સર્વે તેમણે એકાગ્ર મને કરીને ધારવું અને આ શિક્ષાપત્રી જે અમે લખી છે, તે સર્વેના જીવને હિતની કરનારી છે. ॥૭॥

અને શ્રીમદ્ ભાગવત પુરાણ આદિક જે સત્શાસ્ત્ર તેમણે જીવના કલ્યાણને અર્થે પ્રતિપાદન કર્યા એવા જે અહિંસા આદિક સદાચાર તેમને જે મનુષ્ય પાળે છે તે મનુષ્ય જે તે આ લોકને વિષે તથા પરલોકને વિષે મહાસુખિયા થાય છે. ॥૮॥

અને તે સદાચારનું ઉલ્લંઘન કરીને જે મનુષ્ય પોતાના મનમાં આવે તેમવર્તે છે, તે તો કુબુધ્ધિવાળા છે અને આ લોક ને

UNDER SHREE RADHARAMANDEV JUNAGADH

પરલોકને વિષે નિશ્ચે મોટા કષ્ટને જ પામે છે. ॥૯॥

તે માટે અમારા શિષ્ય એવા જે તમે સર્વે તેમણે તો પ્રીતિએ કરીને આ શિક્ષાપત્રીને અનુસરીને જ નિરંતર સાવધાનપણે વર્તવું, પણ આ શિક્ષાપત્રીનું ઉલ્લંઘન કરીને વર્તવું નહિ. ॥૧૦॥

## ✤ સર્વે સત્સંગીઓના સામાન્ય ધર્મ ✤

હવે તે વર્ત્યાની રીત કહીએ છીએ જે :- અમારા જે સત્સંગી તેમણે કોઈ જીવ-પ્રાણી-માત્રની પણ હિંસા ન કરવી અને જાણીને તો ઝીણા એવા જુ, માંકડ, ચાંચડ આદિક જીવ તેમની પણ હિંસા ક્યારેય ન

કરવી. ॥૧૧॥

અને દેવતા અને પિતૃ તેના યજ્ઞને અર્થે પણ બકરાં, મૃગલાં, સસલાં, માછલાં આદિક કોઈ જીવની હિંસા ન કરવી, કેમજે અહિંસા છે તે જ મોટો ધર્મ છે એમસર્વ શાસ્ત્રમાં કહ્યું છે. ॥૧૨॥

અને સ્ત્રી, ધન અને રાજ્ય તેની પ્રાપ્તિને અર્થે પણ કોઈ મનુષ્યની હિંસા તો કોઈ પ્રકારે ક્યારેય પણ ન જ કરવી. ॥૧૩॥

અને આત્મઘાત તો તીર્થને વિષે પણ ન કરવો, ને ક્રોધે કરીને ન કરવો, અને ક્યારેક કોઈ અયોગ્ય આચરણ થઈ જાય તે થકી મુંઝાઈને પણ આત્મઘાત ન કરવો અને

UNDER SHREE RADHARAMANDEV JUNAGADH

ઝેર ખાઈને તથા ગળે ટુંપો ખાઈને તથા કૂવે પડીને તથા પર્વત ઉપરથી પડીને ઈત્યાદિક કોઈ રીતે આત્મઘાત ન કરવો. ॥૧૪॥

અને જે માંસ છે તે તો યજ્ઞનું શેષ હોય તો પણ આપત્કાળમાં પણ ક્યારેય ન ખાવું અને ત્રણ પ્રકારની સુરા અને અગિયાર પ્રકારનું મદ્ય તે દેવતાનું નૈવેદ્ય હોય તો પણ ન પીવું. ॥૧૫॥

અને ક્યારેક પોતાવતે કાંઈક અયોગ્ય આચરણ થઈ ગયું હોય અથવા કોઈ બીજાવતે અયોગ્ય આચરણ થઈ ગયું હોય તો શસ્ત્રાદિકે કરીને પોતાના અંગનું તથા બીજાના અંગનું છેદન ન કરવું અથવા ક્રોધે

કરીને પણ પોતાના અંગનું તથા બીજાના અંગનું છેદન ન કરવું ||૧૬||

અને ધર્મ કરવાને અર્થે પણ અમારા સત્સંગી કોઈએ ચોરનું કર્મ ન કરવું. અને ધણિયાતું જે કાષ્ઠ, પુષ્પ, આદિક વસ્તુ તે તેના ધણીની આજ્ઞા વિના ન લેવું. ||૧૭||

અને અમારા આશ્રિત જે પુરુષ તથા સ્ત્રીઓ તેમણે વ્યભિચાર ન કરવો અને જુગટું આદિક જે વ્યસન તેનો ત્યાગ કરવો અને ભાંગ્ય, મફર, માજમ, ગાંજો એ આદિક જે કેફ કરનારાં વસ્તુ તે ખાવાં નહિ અને પીવાં પણ નહિ. ||૧૮||

અને જેના હાથનું રાંધેલ અન્ન તથા

UNDER SHREE RADHARAMANDEV JUNAGADH

જેના પાત્રનું જળ તે ખપતું ન હોય તેણે રાંધેલ અન્ન તથા તેના પાત્રનું જળ, તે શ્રીકૃષ્ણ ભગવાનની પ્રસાદી-ચરણામૃતના માહાત્મ્યે કરીને પણ જગન્નાથપુરી વિના અન્ય સ્થાનકને વિષે ગ્રહણ ન કરવું અને જગન્નાથપુરીને વિષે જગન્નાથજીનો પ્રસાદ લેવાય તેનો દોષ નહિ. ॥૧૯॥

અને પોતાના સ્વાર્થની સિદ્ધિને અર્થે પણ કોઈને વિષે મિથ્યા અપવાદ આરોપણ ન કરવો અને કોઈને ગાળ તો ક્યારેય ન દેવી. ॥૨૦॥

અને દેવતા, તીર્થ, બ્રાહ્મણ, પતિવ્રતા, સાધુ અને વેદ એમની નિંદા ક્યારેય ન કરવી

અને ન સાંભળવી. ॥૨૧॥

અને જે દેવતાને સુરા અને માંસનું નૈવેદ્ય થતું હોય અને વળી જે દેવતાની આગળ બકરા આદિક જીવની હિંસા થતી હોય તે દેવતાનું નૈવેદ્ય ન ખાવું. ॥૨૨॥

અને માર્ગને વિષે ચાલતે શિવાલયાદિક જે દેવમંદિર આવે તેને જોઈને તેને નમસ્કાર કરવો અને આદર થકી તે દેવનું દર્શન કરવું. ॥૨૩॥

અને પોતપોતાના વર્ણાશ્રમનો જે ધર્મ તે કોઈ સત્સંગીએ ત્યાગ ન કરવો ને પરધર્મનું આચરણ ન કરવું. તથા પાખંડ ધર્મનું આચરણ ન કરવું તથા કલ્પિત ધર્મનું

આચરણ ન કરવું. ||૨૪||

અને જેના વચનને સાંભળવે કરીને શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ ને પોતાનો ધર્મ એ બે થકી પડી જવાય તેનાં મુખ થકી ભગવાનની કથાવાર્તા ન સાંભળવી. ||૨૫||

અને જે સત્ય વચન બોલવે કરીને પોતાનો દ્રોહ થાય તથા પારકો દ્રોહ થાય એવું જે સત્ય વચન તે ક્યારેય ન બોલવું, અને જે કૃતઘ્ની હોય તેના સંગનો ત્યાગ કરવો અને વ્યવહાર કાર્યને વિષે કોઈની લાંચ ન લેવી. ||૨૬||

અને ચોર, પાપી, વ્યસની, પાખંડી, કામી તથા કીમિયા આદિક ક્રિયાએ કરીને

UNDER SHREE RADHARAMANDEV JUNAGADH

જનનો ઠગનારો એ છ પ્રકારના જે મનુષ્ય તેમનો સંગ ન કરવો. ॥૨૭॥

અને જે મનુષ્ય ભક્તિનું અથવા જ્ઞાનનું આલંબન કરીને સ્ત્રી, દ્રવ્ય અને રસાસ્વાદ તેને વિષે અતિશય લોલુપ થકા પાપને વિષે પ્રવર્તતા હોય તે મનુષ્યનો સમાગમન કરવો. ॥૨૮॥

અને જે શાસ્ત્રને વિષે શ્રીકૃષ્ણ ભગવાન તથા શ્રીકૃષ્ણ ભગવાનના જે વરાહાદિક અવતાર તેમનું યુક્તિએ કરીને ખંડન કર્યું હોય એવા જે શાસ્ત્ર તે ક્યારેય ન માનવા અને ન સાંભળવા. ॥૨૯॥

અને ગાળ્યા વિનાનું જે જળ તથા દૂધ

તે ન પીવું અને જે જળને વિષે ઝીણા જીવ ઘણાંક હોય તે જળે કરીને સ્નાનાદિક ક્રિયા ન કરવી.॥૩૦॥

અને જે ઔષધ દારૂ તથા માંસ તેણે યુક્ત હોય તે ઔષધ ક્યારેય ન ખાવું અને વળી જે વૈદ્યના આચરણને જાણતા ન હોઈએ તે વૈદ્યે આપ્યું જે ઔષધ તે પણ ક્યારેય ન ખાવું.॥૩૧॥

અને લોક ને શાસ્ત્ર તેમણે મળમૂત્ર કરવાને અર્થે વરજ્યાં એવા સ્થાનક, જે જીર્ણ દેવાલય તથા નદી-તળાવના આરા તથા માર્ગ તથા વાવેલું ખેતર તથા વૃક્ષની છાયા તથા ફુલવાડી બગીચા એ આદિક જે સ્થાનક

તેમને વિષે ક્યારેય પણ મળ-મૂત્ર ન કરવું તથા થૂંકવું પણ નહિ. ॥૩૨॥

અને ચોરમાર્ગે કરીને પેસવું નહિ અને નિસરવું નહિ અને જે સ્થાનક ધણિયાતું હોય તે સ્થાનકને વિષે તેના ધણીને પૂછ્યા વિના ઉતારો ન કરવો. ॥૩૩॥

અને અમારા સત્સંગી જે પુરુષ માત્ર તેમણે બાઈ માણસના મુખથકી જ્ઞાનવાર્તા ન સાંભળવી અને સ્ત્રીઓ સાથે વિવાદ ન કરવો તથા રાજા સંગાથે તથા રાજાના માણસ સંગાથે વિવાદ ન કરવો. ॥૩૪॥

અને ગુરુનું અપમાન ન કરવું તથા જે અતિશય શ્રેષ્ઠ મનુષ્ય હોય તથા જે લોકને

વિષે પ્રતિષ્ઠિત મનુષ્ય હોય તથા જે વિદ્વાન મનુષ્ય હોય તથા જે શસ્ત્રધારી મનુષ્ય હોય તે સર્વેનું અપમાન ન કરવું. ॥૩૫॥

અને વિચાર્યા વિના તત્કાળ કાંઈ કાર્ય ન કરવું અને ધર્મ સંબંધી જે કાર્ય તે તો તત્કાળ કરવું અને પોતે જે વિદ્યા ભણ્યા હોઈએ તે બીજાને ભણાવવી અને નિત્ય પ્રત્યે સાધુનો સમાગમકરવો. ॥૩૬॥

અને ગુરુ, દેવ અને રાજા એ ત્રણના દર્શનને અર્થે જ્યારે જવું ત્યારે ઠાલે હાથે ન જવું અને કોઈનો વિશ્વાસઘાત ન કરવો અને પોતાને મુખે કરીને પોતાનાં વખાણ ન કરવાં. ॥૩૭॥

તીર્થધામ સરધાર
UNDER SHREE RADHARAMANDEV JUNAGADH

અને જે વસ્ત્ર પહેર્યે થકે પણ પોતાના અંગ દેખાય તેવું જે ભૂંડું વસ્ત્ર તે અમારા સત્સંગી તેમણે ન પહેરવું. ॥૩૮॥

અને શ્રીકૃષ્ણ ભગવાનની જે ભક્તિ તે ધર્મેરહિત એવી કોઈ પ્રકારે ન કરવી અને અજ્ઞાની એવા જે મનુષ્ય તેમની નિંદાના ભય થકી શ્રીકૃષ્ણ ભગવાનની સેવાનો ત્યાગ કરવો જ નહિ. ॥૩૯॥

અને ઉત્સવના દિવસને વિષે તથા નિત્ય પ્રત્યે શ્રીકૃષ્ણના મંદિરમાં આવ્યા એવા જે સત્સંગી પુરુષ તેમણે તે મંદિરને વિષે સ્ત્રીઓનો સ્પર્શ ન કરવો તથા સ્ત્રીઓ તેમણે પુરુષનો સ્પર્શ ન કરવો અને

UNDER SHREE NADHARAMANDEV JUNAGADH

મંદિરમાંથી નિસર્યા પછી પોતપોતાની રીતે વર્તવું. ||૪૦||

અને ધર્મવંશી ગુરુથકી શ્રીકૃષ્ણની દીક્ષાને પામ્યા એવા જે બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય એ ત્રણ વર્ણના અમારા સત્સંગી, તેમણે કંઠને વિષે તુલસીની બેવડી માળા નિત્યે ધારવી અને લલાટ, હૃદય અને બે હાથ એ ચારે ઠેકાણે ઊર્ધ્વપુંડ્ર તિલક કરવું. ||૪૧||

અને તે તિલક જે તે ગોપીચંદને કરીને કરવું, અથવા ભગવાનની પૂજા કરતાં બાકી રહ્યું અને કેસર કુંકુમાદિકે યુક્ત એવું જે પ્રસાદી ચંદન તેણે કરીને તિલક કરવું. ||૪૨||

તીર્થધામ સરધાર
UNDER SHREE RADHARAMANDEV JUNAGADH

અને તે તિલકના મધ્યને વિષે જ ગોળ એવો જે ચાંદલો તે જે તે ગોપીચંદને કરીને કરવો અથવા રાધિકાજી અને લક્ષ્મીજી તેનું પ્રસાદી એવું જે કુંકુમતેણે કરીને તે ચાંદલો કરવો. ॥૪૩॥

અને પોતાના ધર્મને વિષે રહ્યા અને શ્રીકૃષ્ણના ભક્ત એવા સત્શૂદ્ર તેમણે તો તુલસીની માળા અને ઊર્ધ્વપુંડ્ર તિલક તે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્યની પેઠે ધારવા. ॥૪૪॥

UNDER SHREE RADHARAMANDEV JUNAGADH

અને તે સત્શૂદ્ર થકી બીજા જે જાતિએ કરીને ઊતરતા એવા ભક્તજન તેમણે તો ચંદનાદિક કાષ્ઠની જે બેવડી માળા તે

ભગવાનની પ્રસાદી કરાવીને કંઠને વિષે ધારવી અને લલાટને વિષે કેવળ ચાંદલો કરવો પણ તિલક ન કરવું. ॥૪૫॥

અને જે બ્રાહ્મણાદિકને ત્રિપુંડ્ર જે આડું તિલક કરવું તથા રુદ્રાક્ષની માળા ધારવી- એ બે વાના પોતાની કુળ પરંપરાએ કરીને ચાલ્યાં આવ્યાં હોય અને તે બ્રાહ્મણાદિક અમારા આશ્રિત થયા હોય તો પણ તેમણે તે ત્રિપુંડ્ર અને રુદ્રાક્ષનો ક્યારેય ત્યાગ ન કરવો. ॥૪૬॥

અને નારાયણ અને શિવજી એ બેનું એકાત્મપણું જ જાણવું, કેમજે વેદને વિષે એ બેયનું બ્રહ્મરૂપે કરીને પ્રતિપાદન

UNDER SHREE RADHARAMANDEV JUNAGADH

કર્યું છે.॥૪૭॥

અને અમારા આશ્રિત જે મનુષ્ય તેમણે શાસ્ત્રે કહ્યો જે આપદ્ધર્મ તે અલ્પ આપત્કાળને વિષે મુખ્યપણે કરીને ક્યારેય ગ્રહણ ન કરવો.॥૪૮॥

અને અમારા સત્સંગી તેમણે નિત્યે સૂર્ય ઊગ્યાથી પ્રથમજ જાગવું અને શ્રીકૃષ્ણ ભગવાનનું સ્મરણ કરીને પછી શૌચવિધિ કરવા જવું.॥૪૯॥

અને પછી એક સ્થાનકને વિષે બેસીને દાતણ કરવું અને પછી પવિત્ર જળે કરીને સ્નાન કરીને પછી ધોયેલું વસ્ત્ર એક પહેરવું અને એક ઓઢવું.॥૫૦॥

અને તે વાર પછી પવિત્ર પૃથ્વીને વિષે પાથર્યું અને શુદ્ધ ને કોઈ બીજા આસનને અડ્યું ન હોય અને જે ઉપર સારી પેઠે બેસાય એવું જે આસન તેને વિષે પૂર્વમુખે અથવા ઉત્તરમુખે બેસીને આચમન કરવું. ||૫૧||

અને પછી સત્સંગી પુરૂષમાત્રને ચાંદલે સહિત ઊર્ધ્વપુંડ્ર તિલક કરવું અને સુવાસિની જે સ્ત્રીઓ, તેમણે તો પોતાના ભાલને વિષે કુંકુમનો ચાંદલો કરવો. ||૫૨||

અને તે વિધવા સ્ત્રીઓ માત્રને પોતાના ભાલને વિષે તિલક ન કરવું ને ચાંદલો પણ ન કરવો, અને તે પછી તે સર્વે જે અમારા સત્સંગી, તેમણે મને કરીને કલ્પ્યાં જે ચંદન

પુષ્પાદિક ઉપચાર તેમણે કરીને શ્રીકૃષ્ણ ભગવાનની માનસી પૂજા કરવી. ||૫૩||

અને તે પછી શ્રીરાધાકૃષ્ણની જે ચિત્ર પ્રતિમા તેનું આદર થકી દર્શન કરીને નમસ્કાર કરીને પછી પોતાના સામર્થ્ય પ્રમાણે શ્રીકૃષ્ણનો જે અષ્ટાક્ષર મંત્ર તેનો જપ કરીને તે પછી પોતાનું વ્યવહારિક કામકાજ કરવું. ||૫૪||

અને જે અમારા સત્સંગીમાં અંબરીષ રાજાની પેઠે આત્મનિવેદી એવા ઉત્તમભક્ત હોય તેમણે પણ પ્રથમકહ્યું તેવી રીતે અનુક્રમે કરીને માનસી પૂજા પર્યન્ત સર્વે ક્રિયા કરવી. ||૫૫||

અને તે જે આત્મનિવેદી ભક્ત તેમણે પાષાણની અથવા ધાતુની જે શ્રીકૃષ્ણ ભગવાનની પ્રતિમા અથવા શાલગ્રામ, તેની જે પૂજા તે દેશકાળને અનુસરીને પોતાના સામર્થ્ય પ્રમાણે પ્રાપ્ત થયાં જે ચંદન, પુષ્પ, ફળાદિક વસ્તુ તેણે કરીને કરવી અને પછી શ્રીકૃષ્ણ ભગવાનનો જે અષ્ટાક્ષર મંત્ર તેનો જપ કરવો. ।।૫૬।।

અને તે પછી શ્રીકૃષ્ણ ભગવાનના જે સ્તોત્ર અથવા ગ્રંથ તેનો જે પાઠ તે પોતાના સામર્થ્ય પ્રમાણે કરવો, અને જે સંસ્કૃત ન ભણ્યા હોય તેમણે શ્રીકૃષ્ણ ભગવાનનું નામકીર્તન કરવું. ।।૫૭।।

અને પછી શ્રીકૃષ્ણ ભગવાનને નૈવેદ્ય કરીને પછી તે પ્રસાદી એવું જે અન્ન તે જમવું અને તે જે આત્મનિવેદી વૈષ્ણવ તેમણે સર્વકાળને વિષે પ્રીતિએ કરીને શ્રીકૃષ્ણ ભગવાનની સેવાપરાયણ થવું. ॥૫૮॥

અને નિર્ગુણ કહેતાં માયાના જે સત્ત્વાદિક ત્રણ ગુણ તેણે રહિત એવા જે શ્રીકૃષ્ણ ભગવાન, તેના સંબંધ થકી તે આત્મનિવેદી ભક્તની જે સર્વે ક્રિયા તે નિર્ગુણ થાય છે તે હેતુ માટે તે આત્મનિવેદી ભક્ત જે તે નિર્ગુણ કહ્યા છે. ॥૫૯॥

અને એ જે આત્મનિવેદી ભક્ત, તેમણે શ્રીકૃષ્ણ ભગવાનને અર્પણ કર્યા

વિનાનું જળ પણ ક્યારેય ન પીવું અને પત્ર, કંદ ફળાદિક જે વસ્તુ તે પણ શ્રીકૃષ્ણ ભગવાનને અર્પણ કર્યા વિનાનું ન ખાવું. ॥૬૦॥

અને વળી સર્વે જે અમારા સત્સંગી તેમણે વૃધ્ધપણા થકી અથવા કોઈ મોટા આપત્કાળે કરીને અસમર્થપણું થઈ ગયે સતે પોતે સેવવાનું જે શ્રીકૃષ્ણનું સ્વરૂપ, તે બીજા ભક્તને આપીને પોતે પોતાના સામર્થ્ય પ્રમાણે વર્તવું. ॥૬૧॥

અને જે શ્રીકૃષ્ણનું સ્વરૂપ પોતાને સેવવાને અર્થે ધર્મવંશના જે આચાર્ય, તેમણે જ આપ્યું હોય અથવા તે આચાર્યે જે

સ્વરૂપની પ્રતિષ્ઠા કરી હોય તે જ સ્વરૂપને સેવવું અને તે વિના બીજું જે શ્રીકૃષ્ણનું સ્વરૂપ, તે તો નમસ્કાર કરવા યોગ્ય છે પણ સેવવા યોગ્ય નથી. ||૬૨||

અને અમારા જે સર્વે સત્સંગી તેમણે નિત્ય પ્રત્યે સાયંકાળે ભગવાનના મંદિર પ્રત્યે જવું અને તે મંદિરને વિષે શ્રીરાધિકાજીના પતિ એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તેના નામનું ઉંચે સ્વરે કરીને કીર્તન કરવું. ||૬૩||

UNDER SHREE RADHARAMANDEV JUNAGADH

અને તે શ્રીકૃષ્ણની જે કથા વાર્તા, તે પરમઆદર થકી કરવી ને સાંભળવી અને ઉત્સવને દિવસે વાજીંત્રે સહિત શ્રીકૃષ્ણનાં

કીર્તન કરવાં.॥૬૪॥

અને અમારા આશ્રિત જે સર્વે સત્સંગી, તેમણે જે પ્રકારે પૂર્વે કહ્યું એ પ્રકારે કરીને જ નિત્ય પ્રત્યે કરવું અને સંસ્કૃત અને પ્રાકૃત એવા જે સદ્ગ્રંથ તેમનો અભ્યાસ પણ પોતાની બુધ્ધિને અનુસારે કરવો. ॥૬૫॥

અને જે મનુષ્ય જેવા ગુણે કરીને યુક્ત હોય, તે મનુષ્યને તેવા કાર્યને વિષે વિચારીને જ પ્રેરવો, પણ જે કાર્યને વિષે જે યોગ્ય ન હોય તે કાર્યને વિષે તેને ક્યારેય ન પ્રેરવો. ॥૬૬॥

અને પોતાના જે સેવક હોય, તે સર્વની પોતાના સામર્થ્ય પ્રમાણે અન્નવસ્ત્રાદિકે

UNDER SHREE RADHARAMANDEV JUNAGADH

કરીને યથાયોગ્ય સંભાવના નિરંતર રાખવી. ॥૬૭॥

અને જે પુરુષ જેવા ગુણવાળો હોય તે પુરુષને તેવા વચને કરીને દેશકાળાનુસારે યથાયોગ્ય બોલાવવો પણ એથી બીજી રીતે ન બોલાવવો.॥૬૮॥

અને વિનયે કરીને યુક્ત એવા જે અમારા આશ્રિત સત્સંગી-તેમણે ગુરુ, રાજા, અતિવૃધ્ધ, ત્યાગી, વિદ્વાન અને તપસ્વી એ છ જણા આવે ત્યારે સન્મુખ ઊઠવું તથા આસન આપવું તથા મધુરે વચને બોલાવવું ઈત્યાદિક ક્રિયાએ કરીને એમનું સન્માન કરવું. ॥૬૯॥

UNDER SHREE RADHARAMANDEV JUNAGADH

અને ગુરુ, દેવ ને રાજા એમને સમીપે તથા સભાને વિષે પગ ઉપર પગ ચઢાવીને ન બેસવું તથા વસ્ત્રે કરીને ઢીંચણને બાંધીને ન બેસવું. ।।૭૦।।

અને અમારા આશ્રિત જે સર્વ સત્સંગી તેમણે પોતાના આચાર્ય સંગાથે ક્યારેય પણ વિવાદ ન કરવો અને પોતાના સામર્થ્ય પ્રમાણે અન્ન, ધન, વસ્ત્રાદિકે કરીને તે પોતાના આચાર્યને પૂજવા. ।।૭૧।।

અમારા જે આશ્રિત જન તેમણે પોતાના આચાર્યને આવતા સાંભળીને આદર થકી તત્કાળ સન્મુખ જવું અને તે આચાર્ય પોતાના ગામથી પાછા પધારે ત્યારે

UNDER SHREE RADHARAMANDEV JUNAGADH

ગામની ભાગોળ સુધી વળાવવા જવું. ॥૭૨॥

અને ઘણુંક છે ફળ જેને વિષે એવું પણ જે કર્મ, તે જો ધર્મે રહિત હોય તો તેનું આચરણ ન જ કરવું, કેમજે ધર્મ છે તે જ સર્વ પુરુષાર્થનો આપનારો છે માટે કોઈક ફળના લોભે કરીને ધર્મનો ત્યાગ ન કરવો. ॥૭૩॥

અને પૂર્વે થયા જે મોટા પુરુષ તેમણે પણ જો ક્યારેય અધર્માચરણ કર્યું હોય તો તેનું ગ્રહણ ન કરવું અને તેમણે જે ધર્માચરણ કર્યું હોય તો તેનું ગ્રહણ કરવું. ॥૭૪॥

અને કોઈની પણ જે ગુહ્ય વાર્તા તે તો કોઈ ઠેકાણે પણ પ્રકાશ કરવી જ નહિ અને જે

જીવનું જેવી રીતે સન્માન કરવું ઘટતું હોય, તેનું તેવી રીતે જ સન્માન કરવું પણ સમદષ્ટિએ કરીને એ મર્યાદાનું ઉલ્લંઘન કરવું નહિ. ॥૭૫॥

અને અમારા જે સર્વે સત્સંગી તેમણે ચાતુર્માસને વિષે વિશેષ નિયમધારવો, અને જે મનુષ્ય અસમર્થ હોય તેમણે તો એક શ્રાવણ માસને વિષે વિશેષ નિયમધારવો. ॥૭૬॥

અને તે વિશેષ નિયમતે કિયા તો ભગવાનની કથાનું શ્રવણ કરવું તથા કથા વાંચવી તથા ભગવાનના ગુણનું કીર્તન કરવું તથા પંચામૃત સ્નાને કરીને ભગવાનની

મહાપૂજા કરવી તથા ભગવાનના મંત્રનો જપ કરવો તથા સ્તોત્રનો પાઠ કરવો તથા ભગવાનને પ્રદક્ષિણાઓ કરવી. ॥૭૭॥

તથા ભગવાનને સાષ્ટાંગ નમસ્કાર કરવા-એ જે આઠ પ્રકારના નિયમતે અમે ઉત્તમમાન્યા છે. તે માટે એ નિયમમાંથી કોઈ એક નિયમજે તે ચોમાસાને વિષે વિશેષપણે ભક્તિએ કરીને ધારવો. ॥૭૮॥

અને સર્વ જે એકાદશીઓ, તેમનું વ્રત જે તે આદરથકી કરવું તથા શ્રીકૃષ્ણ ભગવાનના જે જન્માષ્ટમી આદિક જન્મદિવસ તેમનું વ્રત જે તે આદરથકી કરવું તથા શિવરાત્રીનું વ્રત જે તે આદરથકી કરવું

UNDER SHREE RADHARAMAN DEV JUNAGADH

અને તે વ્રતના દિવસને વિષે મોટા ઉત્સવ કરવા. ॥૭૯॥

અને જે દિવસે વ્રતનો ઉપવાસ કર્યો હોય તે દિવસે અતિશય યત્ને કરીને દિવસની નિદ્રાનો ત્યાગ કરવો, કેમજે જેમમૈથુને કરીને મનુષ્યના ઉપવાસનો નાશ થાય છે તેમજ દિવસની નિદ્રાએ કરીને મનુષ્યના ઉપવાસનો નાશ થઈ જાય છે. ॥૮૦॥

અને સર્વ વૈષ્ણવના રાજા એવા જે શ્રી વલ્લભાચાર્ય તેના પુત્ર જે શ્રી વિઠ્ઠલનાથજી તે જેતે જે વ્રત અને ઉત્સવના નિર્ણયને કરતા હવા. ॥૮૧॥

તીર્થધામ સરધાર
UNDER SHREE RADHARAMANDEV JUNAGADH

અને તે વિઠ્ઠલનાથજીએ કર્યો જે નિર્ણય તેને જ અનુસરીને સર્વે વ્રત ને ઉત્સવ કરવા, અને તે વિઠ્ઠલનાથજીએ કહી જે શ્રીકૃષ્ણની સેવા રીતિ તેનું જ ગ્રહણ કરવું. ||૮૨||

અને સર્વે જે અમારા આશ્રિત, તેમણે દ્વારિકા આદિક જે તીર્થ તેમની યાત્રા જે તે પોતાના સામર્થ્ય પ્રમાણે યથાવિધિએ કરીને કરવી અને વળી પોતાના સામર્થ્ય પ્રમાણે દીનજનને વિષે દયાવાન થવું. ||૮૩||

અને અમારા જે આશ્રિત તેમણે વિષ્ણુ, શિવ, ગણપતિ, પાર્વતી અને સૂર્ય એ પાંચ દેવ પૂજ્ય પણે કરીને માનવા. ||૮૪||

અને જો ક્યારેક ભૂતપ્રેતાદિકનો ઉપદ્રવ થાય ત્યારે તો નારાયણ કવચનો જપ કરવો અથવા હનુમાનના મંત્રનો જપ કરવો, પણ એ વિના બીજા કોઈ ક્ષુદ્ર દેવના સ્તોત્ર અને મંત્રનો જપ ન કરવો. ॥૮૫॥

અને સૂર્યનું ને ચંદ્રમાનું ગ્રહણ થયે સતે અમારા જે સર્વે સત્સંગી તેમણે બીજી સર્વે ક્રિયાનો તત્કાળ ત્યાગ કરીને પવિત્ર થઈને શ્રીકૃષ્ણ ભગવાનના મંત્રનો જપ કરવો. ॥૮૬॥

અને તે ગ્રહણ મુકાઈ રહ્યા પછી વસ્ત્ર સહિત સ્નાન કરીને જે અમારા ગૃહસ્થ સત્સંગી હોય, તેમણે પોતાના સામર્થ્ય

પ્રમાણે દાન કરવું અને જે ત્યાગી હોય તેમણે ભગવાનની પૂજા કરવી. ।।૮૭।।

અને અમારા સત્સંગી એવા જે ચારે વર્ણના મનુષ્ય, તેમણે જન્મનું સૂતક તથા મરણનું સૂતક તે પોતપોતાના સંબંધને અનુસારે કરીને યથાશાસ્ત્ર પાળવું. ।।૮૮।।

અને જે બ્રાહ્મણ વર્ણ હોય, તેમણે શમ, દમ, ક્ષમા અને સંતોષ એ આદિક જે ગુણ તેમણે યુક્ત થવું અને જે ક્ષત્રિય વર્ણ હોય તેમણે શૂરવીરપણું અને ધીરજ એ આદિક જે ગુણ તેમણે યુક્ત થવું. ।।૮૯।।

અને વૈશ્ય વર્ણ હોય તેમણે કૃષિકર્મ તથા વણજ વ્યાપાર તથા વ્યાજવટો એ

આદિક જે વૃત્તિઓ તેમણે કરીને વર્તવું અને જે શૂદ્ર વર્ણ હોય, તેમણે બ્રાહ્મણાદિક ત્રણ વર્ણની સેવા કરવી એ આદિક જે વૃત્તિઓ તેમણે કરીને વર્તવું. ॥૯૦॥

અને જે દ્વિજ હોય, તેમણે ગર્ભાધાનાદિક સંસ્કાર તથા આહ્નિક તથા શ્રાધ્ધ એ ત્રણ જે તે પોતાના ગૃહ્યસૂત્રને અનુસારે કરીને, જેવો જેનો અવસર હોય અને જેવી ધનસંપત્તિ હોય તે પ્રમાણે કરવા. ॥૯૧॥

UNDER SHREE RADHARAMANDEV JUNAGADH

અને ક્યારેક જાણે અથવા અજાણે જો નાનું મોટું પાપ થઈ જાય તો પોતાની શક્તિ પ્રમાણે તે પાપનું પ્રાયશ્ચિત્ત કરવું. ॥૯૨॥

અને ચાર વેદ તથા વ્યાસસૂત્ર તથા શ્રીમદ્‌ભાગવત નામે પુરાણ તથા મહાભારતને વિષે તો શ્રી વિષ્ણુસહસ્ર નામા॥૯૩॥

તથા શ્રી ભગવદ્‌ગીતા તથા વિદુરજીએ કહેલી જે નીતિ તથા સ્કંદ પુરાણનો જે વિષ્ણુખંડ તેને વિષે રહ્યું એવું જે શ્રીવાસુદેવમાહાત્મ્ય ॥૯૪॥

અને ધર્મશાસ્ત્રના મધ્યમાં રહી એવી જે યાજ્ઞવલ્ક્ય ઋષિની સ્મૃતિ એ જે આઠ સત્શાસ્ત્ર તે અમને ઈષ્ટ છે. ॥૯૫॥

અને પોતાના હિતને ઈચ્છતા એવા જે અમારા સર્વે શિષ્ય તેમણે એ આઠ સત્શાસ્ત્ર

જે તે સાંભળવાં, અને અમારા આશ્રિત જે દ્વિજ તેમણે એ સત્શાસ્ત્ર જે તે ભણવાં તથા ભણાવવાં તથા એમની કથા કરવી. ॥૯૬॥

અને તે આઠ સત્શાસ્ત્રમાંથી આચાર, વ્યવહાર અને પ્રાયશ્ચિત્ત એ ત્રણનો જે નિર્ણય કરવો તેને વિષે તો મિતાક્ષરા ટીકાએ યુક્ત એવી જે યાજ્ઞવલ્ક્ય ઋષિની સ્મૃતિ, તેનું ગ્રહણ કરવું. ॥૯૭॥

અને વળી એ આઠ સત્શાસ્ત્રને વિષે જે શ્રીમદ્‌ભાગવત પુરાણ તેના દશમને પંચમનામે જે બે સ્કંધ, તે જે તે શ્રીકૃષ્ણ ભગવાનનું માહાત્મ્ય જાણવાને અર્થે સર્વથી અધિકપણે જાણવા. ॥૯૮॥

તીર્થધામ સરધાર
UNDER SHREE RADHARAMANDEV JUNAGADH

અને દશમસ્કંધ તથા પંચમસ્કંધ તથા યાજ્ઞવલ્ક્યની સ્મૃતિ એ જે ત્રણ તે અનુક્રમે કરીને અમારું ભક્તિશાસ્ત્ર, યોગશાસ્ત્ર અને ધર્મશાસ્ત્ર છે. કહેતાં દશમસ્કંધ તે ભક્તિશાસ્ત્ર છે અને પંચમસ્કંધ તે યોગશાસ્ત્ર છે ; અને યાજ્ઞવલ્ક્યની સ્મૃતિ તે ધર્મશાસ્ત્ર છે એમજાણવું. ||૯૯||

અને શ્રી રામાનુજાચાર્યે કર્યું એવું જે વ્યાસસૂત્રનું શ્રીભાષ્ય તથા શ્રીભગવદ્ગીતાનું ભાષ્ય એ જે બે તે અમારું અધ્યાત્મશાસ્ત્ર છે એમ જાણવું. ||૧૦૦||

અને એ સર્વે સત્શાસ્ત્રને વિષે જે

વચન તે જે તે શ્રીકૃષ્ણ ભગવાનનું સ્વરૂપ તથા ધર્મ તથા ભક્તિ તથા વૈરાગ્ય એ ચારના અતિ ઉત્કર્ષપણાને કહેતા હોય. ॥૧૦૧॥

તે વચન જે તે બીજા વચન કરતાં પ્રધાનપણે માનવાં અને શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ તે જે તે ધર્મે સહિત જ કરવી; એવી રીતે તે સર્વે સત્શાસ્ત્રનું રહસ્ય છે. ॥૧૦૨॥

અને શ્રુતિ સ્મૃતિ તેમણે પ્રતિપાદન કર્યો એવો જે સદાચાર, તે ધર્મ જાણવો; અને શ્રીકૃષ્ણ ભગવાનને વિષે માહાત્મ્યજ્ઞાને સહિત જે ઘણો સ્નેહ તે ભક્તિ જાણવી. ॥૧૦૩॥

તીર્થધામ સરધાર
UNDER SHREE RADHARAMANDEV JUNAGADH

અને શ્રીકૃષ્ણ ભગવાન વિના અન્ય પદાર્થમાં પ્રીતિ નહિ તે વૈરાગ્ય જાણવો. અને જીવ, માયા અને ઈશ્વર તેમના સ્વરૂપને જે રૂડી રીતે જાણવું તેને જ્ઞાન કહીએ. ॥૧૦૪॥

અને જે જીવ છે તે હૃદયને વિષે રહ્યો છે ને અણુ સરખો સૂક્ષ્મછે ને ચૈતન્યરૂપ છે ને જાણનારો છે, અને પોતાની જ્ઞાનશક્તિએ કરીને નખથી શિખાપર્યંત સમગ્ર પોતાના દેહ પ્રત્યે વ્યાપીને રહ્યો છે, અને અછેદ્ય, અભેદ્ય, અજર, અમર, ઈત્યાદિક છે લક્ષણ જેનાં એવો જીવ છે એમજાણવો. ॥૧૦૫॥

અને જે માયા છે, તે ત્રિગુણાત્મિકા છે ને અંધકાર રૂપ છે ને શ્રીકૃષ્ણ ભગવાનની

શક્તિ છે, અને આ જીવને દેહ તથા દેહના જે સંબંધી તેમને વિષે અહંમમત્વની કરાવનારી છે, એમમાયાને જાણવી. ||૧૦૬||

અને જે ઈશ્વર છે, તે જે તે જેમહૃદયને વિષે જીવ રહ્યો છે, તેમતે જીવને વિષે અંતર્યામીપણે કરીને રહ્યા છે. ને સ્વતંત્ર છે ને સર્વ જીવને કર્મફળના આપનારા છે, એમઈશ્વરને જાણવા. ||૧૦૭||

અને તે ઈશ્વર તે કયા તો પરબ્રહ્મ પુરુષોત્તમએવા જે શ્રીકૃષ્ણ ભગવાન તે ઈશ્વર છે, અને તે શ્રીકૃષ્ણ જે તે આપણા ઈષ્ટદેવ છે ને ઉપાસના કરવા યોગ્ય છે અને સર્વ અવતારના કારણ છે. ||૧૦૮||

અને સમર્થ એવા જે શ્રીકૃષ્ણ તે જે તે રાધિકાજીએ યુક્ત હોય ત્યારે 'રાધાકૃષ્ણ' એવે નામે જાણવા, અને રૂક્મિણીરૂપ જે લક્ષ્મી, તેમણે યુક્ત હોય ત્યારે 'લક્ષ્મીનારાયણ' એવે નામે જાણવા. ॥૧૦૯॥

અને એ શ્રીકૃષ્ણ જે તે અર્જુને યુક્ત હોય ત્યારે નરનારાયણ એવે નામે જાણવા અને વળી તે શ્રીકૃષ્ણ જે તે બળભદ્રાદિકને યોગે કરીને તે તે નામે કહેવાય છે એમજાણવું. ॥૧૧૦॥

અને એ જે રાધાદિક ભક્ત તે જે તે ક્યારેક તો તે શ્રીકૃષ્ણ ભગવાનને પડખે હોય

છે અને ક્યારેક તો અતિ સ્નેહે કરીને શ્રીકૃષ્ણ ભગવાનના અંગને વિષે રહે છે. ત્યારે તો તે શ્રીકૃષ્ણ ભગવાન એકલા જ હોય એમજાણવા. ॥૧૧૧॥

એ હેતુ માટે એ શ્રીકૃષ્ણ ભગવાનનાં જે સ્વરૂપ તેમને વિષે સર્વે પ્રકારે કરીને ભેદ ન જાણવો અને ચતુર્ભુજપણું, અષ્ટભુજપણું, સહસ્રભુજપણું ઈત્યાદિક જે ભેદ જણાય છે તે તો દ્વિભુજ એવા જે તે શ્રીકૃષ્ણ, તેમની ઈચ્છાએ કરીને છે એમજાણવું. ॥૧૧૨॥

અને એવા જે તે શ્રીકૃષ્ણ ભગવાન તેની જે ભક્તિ, તે જે તે - પૃથ્વીને વિષે સર્વ મનુષ્ય તેમણે કરવી અને તે ભક્તિ થકી

બીજું કલ્યાણકારી સાધન કાંઈ નથી એમજાણવું. ॥૧૧૩॥

અને વિદ્યાદિક ગુણવાળા જે પુરુષ, તેમના ગુણવાનપણાનું એ જ પરમફળ જાણવું, કયું તો જે શ્રીકૃષ્ણ ભગવાનને વિષે ભક્તિ કરવી ને સત્સંગ કરવો; અને એમભક્તિ ને સત્સંગ એ બે વિના તો વિદ્વાન હોય તે પણ અધોગતિને પામે છે. ॥૧૧૪॥

અને શ્રીકૃષ્ણ ભગવાન તથા શ્રીકૃષ્ણ ભગવાનના જે અવતાર તે જે તે ધ્યાન કરવા યોગ્ય છે; તથા શ્રીકૃષ્ણ ભગવાનની જે પ્રતિમા, તે પણ ધ્યાન કરવા યોગ્ય છે. માટે એમનું ધ્યાન કરવું. અને મનુષ્ય તથા

દેવાદિક જે જીવ તે તો શ્રીકૃષ્ણ ભગવાનના ભક્ત હોય અને બ્રહ્મવેત્તા હોય તો પણ ધ્યાન કરવા યોગ્ય નથી, માટે એમનું ધ્યાન ન કરવું. ।।૧૧૫।।

અને સ્થૂળ, સૂક્ષ્મઅને કારણ - એ જે ત્રણ દેહ તે થકી વિલક્ષણ એવો જે પોતાનો જીવાત્મા, તેને બ્રહ્મરૂપની ભાવના કરીને પછી તે બ્રહ્મરૂપે કરીને શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ જે તે સર્વ કાળને વિષે કરવી. ।।૧૧૬।।

અને શ્રીમદ્‌ભાગવત પુરાણનો જે દશમસ્કંધ તે જે તે નિત્ય પ્રત્યે આદર થકી સાંભળવો અથવા વર્ષો-વર્ષ એકવાર

સાંભળવો અને જે પંડિત હોય તેમણે નિત્ય પ્રત્યે વાંચવો અથવા વર્ષો-વર્ષ એકવાર વાંચવો. ॥૧૧૭॥

અને એ જે દશમસ્કંધ તેનું પુરશ્ચરણ જે તે પુણ્ય સ્થાનકને વિષે પોતાના સામર્થ્ય પ્રમાણે કરવું-કરાવવું અને વળી વિષ્ણુસહસ્ર નામઆદિક જે સત્શાસ્ત્ર, તેનું પુરશ્ચરણ પણ પોતાના સામર્થ્ય પ્રમાણે કરવું-કરાવવું. તે પુરશ્ચરણ કેવું છે તો પોતાના મનવાંછિત ફળને આપે એવું છે. ॥૧૧૮॥

અને કષ્ટની દેનારી એવી કોઈ દેવ સંબંધી આપદા આવી પડે તથા મનુષ્ય સંબંધી આપદા આવી પડે તથા રોગાદિક

આપદા આવી પડે તેને વિષે જેમપોતાની ને બીજાની રક્ષા થાય તેમવર્તવું પણ બીજી રીતે ન વર્તવું. ||૧૧૯||

અને આચાર, વ્યવહાર અને પ્રાયશ્ચિત્ત એ જે ત્રણ વાનાં તે જે તે દેશ, કાળ, અવસ્થા, દ્રવ્ય, જાતિ અને સામર્થ્ય એટલાને અનુસારે કરીને જાણવાં. ||૧૨૦||

અને અમારો જે મત તે વિશિષ્ટાદ્વૈત છે એમજાણવું; અને અમને પ્રિય એવું જે ધામતે ગોલોક છે એમજાણવું અને તે ધામને વિષે બ્રહ્મરૂપે કરીને જે શ્રીકૃષ્ણભગવાનની સેવા કરવી તે અમે મુક્તિ માની છે એમજાણવું. ||૧૨૧||

અને આ જે પૂર્વે સર્વે ધર્મ કહ્યા તે જે તે અમારા આશ્રિત જે ત્યાગી, ગૃહસ્થ, બાઈ-ભાઈ, સર્વે સત્સંગી તેમના સામાન્ય ધર્મ કહ્યા છે, કહેતાં સર્વે સત્સંગી માત્રને સરખા પાળવાના છે. અને હવે એ સર્વેના જે વિશેષ ધર્મ છે, તેમને પૃથક્ પૃથક્ પણે કરીને કહીએ છીએ. ।।૧૨૨।।

## ❖ આચાર્યના વિશેષ ધર્મ ❖

હવે પ્રથમધર્મવંશી જે આચાર્ય અને તેમની પત્નીઓ તેમના જે વિશેષ ધર્મ તે કહીએ છીએ :- અમારા મોટાભાઈ અને નાનાભાઈ તેના પુત્ર જે અયોધ્યાપ્રસાદ અને રઘુવીર, તેમણે પોતાના સમીપ સંબંધ

વિનાની જે બીજી સ્ત્રીઓ તેમને મંત્ર ઉપદેશ ક્યારેય ન કરવો. ॥૧૨૩॥

અને તે સ્ત્રીઓને ક્યારેય પણ અડવું નહિ અને તે સાથે બોલવું નહિ અને કોઈ જીવને વિષે ક્રૂરપણું ન કરવું અને કોઈની થાપણ ન રાખવી. ॥૧૨૪॥

અને વ્યવહાર કાર્યને વિષે કેનું પણ જમાનગરૂં ન કરવું અને કોઈ આપત્કાળ આવી પડે તો ભિક્ષા માગીને પોતાનો નિર્વાહ કરીને તે આપત્કાળને ઉલ્લંઘવો. પણ કોઈનું કરજ તો ક્યારેય ન કરવું. ॥૧૨૫॥

અને પોતાના જે શિષ્ય, તેમણે ધર્મ નિમિત્તે પોતાને આપ્યું જે અન્ન તે વેચવું

UNDER SHREE RADHARAMANDEV JUNAGADH

નહિ; અને તે અન્ન જૂનું થાય તો તે જૂનું કોઈકને દઈને નવું લેવું અને એવી રીતે જે જૂનાનું નવું કરવું તે વેચ્યું ન કહેવાય. ||૧૨૬||

અને ભાદરવા સુદિ ચતુર્થીને દિવસે ગણપતિની પૂજા કરવી તથા આસો વદિ ચતુર્દશીને દિવસે હનુમાનની પૂજા કરવી. ||૧૨૭||

અને અમારે આશ્રિત જે સર્વે સત્સંગી, તેમના ધર્મની રક્ષા કરવાને અર્થે એ સર્વેના ગુરુપણાને વિષે અમે સ્થાપન કર્યા એવા જે તે અયોધ્યાપ્રસાદ અને રઘુવીર, તેમણે મુમુક્ષુજનને દીક્ષા આપવી. ||૧૨૮||

અને પોતાના આશ્રિત જે સર્વે સત્સંગી તેમને અધિકાર પ્રમાણે પોતપોતાના ધર્મને વિષે રાખવા; અને સાધુને આદર થકી માનવા તથા સત્શાસ્ત્રનો અભ્યાસ આદર થકી કરવો. ॥૧૨૯॥

અને મોટાં જે મંદિર તેમને વિષે અમે સ્થાપન કર્યાં એવાં જે શ્રી લક્ષ્મીનારાયણ આદિક શ્રીકૃષ્ણનાં સ્વરૂપ, તેમની જે સેવા તે યથાવિધિએ કરીને કરવી. ॥૧૩૦॥

અને ભગવાનના મંદિર પ્રત્યે આવ્યો જે હરકોઈ અન્નાર્થી મનુષ્ય, તેની પોતાના સામર્થ્ય પ્રમાણે અન્નના દાને કરીને આદરથકી સંભાવના કરવી. ॥૧૩૧॥

અને વિદ્યાર્થી ભણાવ્યાની શાળા કરાવીને પછી તેમાં એક વિદ્વાન બ્રાહ્મણને રાખીને પૃથ્વીને વિષે સદ્વિદ્યાની પ્રવૃત્તિ કરાવવી; કેમજે વિદ્યાદાને કરીને મોટું પુણ્ય થાય છે. ॥૧૩૨॥

## ✤ આચાર્ય પત્નીના વિશેષ ધર્મ ✤

અને હવે એ અયોધ્યાપ્રસાદ અને રઘુવીર એ બેની જે પત્નીઓ, તેમણે પોતપોતાના પતિની આજ્ઞાએ કરીને સ્ત્રીઓને જ શ્રીકૃષ્ણના મંત્રનો ઉપદેશ કરવો; પણ પુરુષને ન કરવો. ॥૧૩૩॥

અને વળી તે બે જણની જે પત્નીઓ, તેમણે પોતાના સમીપ સબંધ વિનાના જે

પુરુષ, તેમનો સ્પર્શ ક્યારેય ન કરવો, અને તેમની સાથે બોલવું નહિ ને તેમને પોતાનું મુખ પણ ન દેખાડવું. (એવી રીતે ધર્મવંશી આચાર્ય અને તેમની પત્નીઓ તેમના જે વિશેષ ધર્મ તે કહ્યા.) ॥૧૩૪॥

## ✤ ગૃહસ્થના વિશેષ ધર્મ ✤

હવે ગૃહસ્થાશ્રમીના જે વિશેષ ધર્મ છે, તે કહીએ છીએ :- અમારે આશ્રિત જે ગૃહસ્થાશ્રમી પુરુષ તેમણે પોતાના સમીપ સંબંધ વિનાની જે વિધવા સ્ત્રીઓ તેમનો સ્પર્શ ન કરવો. ॥૧૩૫॥

અને તે ગૃહસ્થાશ્રમી પુરુષ તેમણે યુવાન અવસ્થાએ યુક્ત એવી જે પોતાની

મા, બેન અને દીકરી તે સંગાથે પણ આપત્કાળ વિના એકાંતસ્થળને વિષે ન રહેવું; અને પોતાની સ્ત્રીનું દાન કોઈને ન કરવું. ||૧૩૬||

અને જે સ્ત્રીને કોઈ પ્રકારના વ્યવહારે કરીને રાજાનો પ્રસંગ હોય, તેવી સ્ત્રીનો જે પ્રસંગ તે કોઈ પ્રકારે પણ ન કરવો. ||૧૩૭||

અને તે ગૃહસ્થાશ્રમી, તેમણે પોતાને ઘેર આવ્યો એવો જે અતિથિ તેને પોતાના સામર્થ્ય પ્રમાણે અન્નાદિકે કરીને પૂજવો; અને વળી હોમાદિક જે દેવકર્મ અને શ્રાધ્ધાદિક જે પિતૃકર્મ તે જેતે પોતાના

સામર્થ્ય પ્રમાણે યથાવિધિ જેમ ઘટે તેમ કરવું. ॥૧૩૮॥

અને અમારા આશ્રિત જે ગૃહસ્થ, તેમણે માતા-પિતા અને ગુરુ તથા રોગાતુર એવા જે કોઈ મનુષ્ય; તેમની જે સેવા તે જીવનપર્યંત પોતાના સામર્થ્ય પ્રમાણે કરવી. ॥૧૩૯॥

અને વળી પોતાના વર્ણાશ્રમને ઘટિત એવો જે ઉદ્યમ તે પોતાના સામર્થ્ય પ્રમાણે કરવો; અને કૃષિવૃત્તિવાળા જે ગૃહસ્થ સત્સંગી તેમણે બળદિયાના વૃષણનો ઉચ્છેદ ન કરવો. ॥૧૪૦॥

અને તે ગૃહસ્થ સત્સંગી તેમણે

પોતાના સામર્થ્ય પ્રમાણે સમયને અનુસરીને જેટલો પોતાના ઘરમાં વરો હોય, તેટલા અન્ન દ્રવ્યનો સંગ્રહ જેતે કરવો ; અને જેના ઘરમાં પશુ હોય એવા જે ગૃહસ્થ તેમણે પોતાના સામર્થ્ય પ્રમાણે ચાર્ય પૂળાનો સંગ્રહ કરવો. ॥૧૪૧॥

અને ગાય, બળદ, ભેંસ, ઘોડા આદિક જે પશુ તેમની તૃણ જળાદિકે કરીને પોતાવતે જો સંભાવના થાય તો તે પશુને રાખવાં અને જો સંભાવના ન થાય તો ન રાખવાં. ॥૧૪૨॥

અને સાક્ષીએ સહિત લખત કર્યા વિના તો પોતાના પુત્ર અને મિત્રાદિક સાથે

પણ પૃથ્વી ને ધનના લેણદેણે કરીને વ્યવહાર જે તે ક્યારેય ન કરવો. ॥૧૪૩॥

અને પોતાનું અથવા બીજાનું જે વિવાહ સંબંધી કાર્ય તેને વિષે, આપવા યોગ્ય જે ધન, તેનું સાક્ષીએ સહિત લખત કર્યા વિના કેવળ બોલી જ ન કરવી. ॥૧૪૪॥

અને પોતાની ઊપજનું જે દ્રવ્ય તેને અનુસારે નિરંતર ખર્ચ કરવો, પણ તે ઉપરાંત ન કરવો અને જે ઊપજ કરતાં વધારે ખર્ચ કરે છે તેને મોટું દુઃખ થાય છે એમસર્વે ગૃહસ્થને મનમાં જાણવું. ॥૧૪૫॥

અને પોતાના વ્યવહારકાર્યને વિષે જેટલા ધનની ઊપજ હોય તથા જેટલો ખર્ચ

હોય, તે બેયને સંભારીને નિત્ય પ્રત્યે રૂડા અક્ષરે કરીને પોતે તેનું નામું લખવું. ||૧૪૬||

અને તે ગૃહસ્થાશ્રમી સત્સંગી તેમણે પોતાની જે વૃત્તિ અને ઉદ્યમ, તે થકી પામ્યું જે ધનધાન્યાદિક, તે થકી દશમો ભાગ કાઢીને શ્રીકૃષ્ણ ભગવાનને અર્પણ કરવો. અને જે વ્યવહારે દુર્બળ હોય તેમણે વિશમો ભાગ અર્પણ કરવો. ||૧૪૭||

અને એકાદશી આદિક જે વ્રત તેમનું જે ઉદ્યાપન તે જે તે પોતાના સામર્થ્ય પ્રમાણે યથાશાસ્ત્ર કરવું. તે ઉદ્યાપન કેવું છે તો મનવાંછિત ફળનું આપનારું છે. ||૧૪૮||

અને શ્રાવણ માસને વિષે શ્રીમહાદેવનું પૂજન, જે તે બિલ્વપત્રાદિકે કરીને પ્રીતિપૂર્વક સર્વ પ્રકારે પોતે કરવું અથવા બીજા પાસે કરાવવું. ॥૧૪૯॥

અને પોતાના જે આચાર્ય તે થકી તથા શ્રીકૃષ્ણ ભગવાનનાં જે મંદિર, તે થકી કરજ ન કાઢવું; અને વળી તે પોતાના આચાર્ય થકી અને શ્રીકૃષ્ણના મંદિર થકી પોતાના વ્યવહારને અર્થે પાત્ર, ઘરેણાં અને વસ્ત્રાદિક જે વસ્તુ તે માગી લાવવાં નહિ. ॥૧૫૦॥

અને શ્રીકૃષ્ણ ભગવાન તથા પોતાના ગુરુ તથા સાધુ એમનાં દર્શન કરવાને અર્થે ગયે સતે માર્ગને વિષે પારકું અન્ન ખાવું નહિ;

NDER SHREE RADHARAMANDEV JUNAGADH

તથા શ્રીકૃષ્ણ ભગવાન તથા પોતાના ગુરુ તથા સાધુ તેમનાં જે સ્થાનક, તેમને વિષે પણ પારકું અન્ન ખાવું નહિ, કેમજે; તે પારકું અન્ન તો પોતાના પુણ્યને હરી લે એવું છે, માટે પોતાની ગાંઠનું ખરચ ખાવું. ॥૧૫૧॥

અને પોતાનાં કામકાજ કરવા તેડ્યા જે મજૂર તેમને જેટલું ધન અથવા ધાન્ય દીધાનું કહ્યું હોય તે પ્રમાણે જ આપવું પણ તેમાંથી ઓછું ન આપવું , અને પોતા પાસે કોઈ કરજ માગતો હોય અને તે કરજ દઈ ચૂક્યા હોઈએ, તે વાતને છાની ન રાખવી; તથા પોતાનો વંશ તથા કન્યાદાન, તે પણ છાનું ન રાખવું; અને દુષ્ટ એવા જે જન,

UNDER SHREE RADHARAMANDEV JUNAGADH

તેમની સાથે વ્યવહાર ન કરવો. ॥૧૫૨॥

અને જે ઠેકાણે પોતે રહેતા હોઈએ, તે ઠેકાણે કોઈક કઠણ-ભૂંડો કાળ અથવા શત્રુ અથવા રાજા, તેમના ઉપદ્રવે કરીને સર્વ પ્રકારે પોતાની લાજ જતી હોય કે ધનનો નાશ થતો હોય કે પોતાના પ્રાણનો નાશ થતો હોય. ॥૧૫૩॥

અને તે જો પોતાના મૂળ ગરાસનું તથા વતનનું ગામહોય તો પણ તેનો વિવેકી એવા જે અમારા સત્સંગી ગૃહસ્થ તેમણે તત્કાળ ત્યાગ કરી દેવો, અને જ્યાં ઉપદ્રવ ન હોય તેવો જે બીજો દેશ તે પ્રત્યે જઈને સુખેથી રહેવું. ॥૧૫૪॥

અને ધનાઢ્ય એવા જે ગૃહસ્થ સત્સંગી તેમણે હિંસાએ રહિત એવા જે વિષ્ણુ સંબંધી યજ્ઞ તે કરવા; તથા તીર્થને વિષે તથા દ્વાદશી આદિક પર્વને વિષે બ્રાહ્મણ તથા સાધુ તેમને જમાડવા. ॥૧૫૫॥

અને તે ધનાઢ્ય એવા જે ગૃહસ્થ સત્સંગી તેમણે ભગવાનના મંદિરને વિષે મોટા ઉત્સવ કરાવવા તથા સુપાત્ર એવા જે બ્રાહ્મણ તેમને નાના પ્રકારનાં દાન દેવાં. ॥૧૫૬॥

## ✤ રાજાના વિશેષ ધર્મ ✤

અને અમારે આશ્રિત એવા જે

સત્સંગી રાજા તેમણે ધર્મશાસ્ત્રને આશરીને પોતાના પુત્રની પેઠે પોતાની પ્રજાનું પાલન કરવું. અને પૃથ્વીને વિષે ધર્મનું સ્થાપન કરવું. ||૧૫૭||

અને તે રાજા તેમણે રાજ્યનાં જે સાત અંગ તથા ચાર ઉપાય તથા છ ગુણ તે જે તે લક્ષણે કરીને યથાર્થપણે જાણવાં; અને તીર્થ જે ચાર મોકલ્યાનાં સ્થાનક તથા વ્યવહારના જાણનારા જે સભાસદ, તથા દંડવા યોગ્ય જે માણસ તથા દંડવા યોગ્ય નહિ એવા જે માણસ એ સર્વને લક્ષણે કરીને યથાર્થપણે જાણવાં. ||૧૫૮||

## ❖ સધવા સ્ત્રીના વિશેષ ધર્મ ❖

હવે સુવાસિની બાઈઓના વિશેષ ધર્મ કહીએ છીએ :- અમારે આશ્રિત જે સુવાસિની બાઈઓ, તેમણે પોતાનો પતિ અંધ હોય, રોગી હોય, દરિદ્રી હોય, નપુંસક હોય તો પણ તેને ઈશ્વરની પેઠે સેવવો અને તે પતિ પ્રત્યે કટુ વચન ન બોલવું. ।।૧૫૯।।

અને તે સુવાસિની સ્ત્રીઓ તેમણે રૂપ ને યૌવન તેણે યુક્ત અને ગુણવાન એવો જે અન્ય પુરુષ તેનો પ્રસંગ સહજ સ્વભાવે પણ નજ કરવો. ।।૧૬૦।।

અને પતિવ્રતા એવી જે સુવાસિની સ્ત્રીઓ તેમણે પોતાની નાભિ, સાથળ અને છાતી તેને બીજો પુરુષ દેખે એમન વર્તવું

UNDER SHREE RADHARAMANDEV JUNAGADH

અને ઓઢ્યાના વસ્ત્ર વિના ઉઘાડે શરીરે ન રહેવું અને ભાંડભવાઈ જોવા ન જવું અને નિર્લજ્જ એવી જે સ્ત્રીઓ તથા સ્વૈરિણી, કામિની અને પુંશ્ચલી એવી જે સ્ત્રીઓ, તેમનો સંગ ન કરવો. ॥૧૬૧॥

અને તે સુવાસિની સ્ત્રીઓ, તેમણે પોતાનો પતિ પરદેશ ગયે સતે આભૂષણ ન ધારવાં, રૂડાં વસ્ત્ર ન પહેરવાં; પારકે ઘેર બેસવા ન જવું અને હાસ્ય વિનોદાદિકનો ત્યાગ કરવો. ॥૧૬૨॥

## ❖ વિધવા સ્ત્રીઓના વિશેષ ધર્મ ❖

હવે વિધવા સ્ત્રીઓના વિશેષ ધર્મ કહીએ છીએઃ- અમારે આશ્રિત જે વિધવા

સ્ત્રીઓ તેમણે તો પતિ બુદ્ધિએ કરીને શ્રીકૃષ્ણ ભગવાનને સેવવા અને પોતાના પિતા પુત્રાદિક જે સંબંધી, તેમની આજ્ઞાને વિષે વર્તવું પણ સ્વતંત્રપણે ન વર્તવું. ॥૧૬૩॥

અને તે વિધવા સ્ત્રીઓ તેમણે પોતાના સમીપ સંબંધ વિનાના જે પુરુષ તેમનો સ્પર્શ ક્યારેય ન કરવો; અને પોતાની યુવાવસ્થાને વિષે અવશ્ય કાર્ય વિના સમીપ સંબંધ વિનાના જે યુવાન પુરુષ, તેમની સાથે ક્યારેય પણ બોલવું નહિ ॥૧૬૪॥

અને ધાવણો જે બાળક, તેના સ્પર્શને વિષે તો જેમપશુને અડી જવાય અને દોષ

નથી તેમદોષ નથી; અને કોઈ અવશ્યનું કામકાજ પડે તેને વિષે કોઈક વૃધ્ધ પુરુષને અડી જવાય તથા તે વૃધ્ધ સાથે બોલાય તેને વિષે દોષ નથી. ॥૧૬૫॥

અને તે વિધવા સ્ત્રીઓ તેમણે પોતાના સમીપ સંબંધ વિનાના જે પુરુષ, તે થકી કોઈપણ વિદ્યા ન ભણવી; અને વ્રત ઉપવાસે કરીને વારંવાર પોતાના દેહનું દમન કરવું. ॥૧૬૬॥

અને તે વિધવા સ્ત્રીઓ, તેમણે પોતાના ઘરમાં પોતાના જીવનપર્યંત દેહ નિર્વાહ થાય એટલું જ જો ધન હોય તો તે ધન જે તે ધર્મ કાર્યને વિષે પણ ન આપવું અને જો

તેથી અધિક હોય તો આપવું. ॥૧૬૭॥

અને વિધવા સ્ત્રીઓ તેમણે એકવાર આહાર કરવો અને પૃથ્વીને વિષે સૂવું અને મૈથુનાસક્ત એવાં જે પશુપક્ષી આદિક જીવપ્રાણિમાત્ર તેમને ક્યારેય જાણીને જોવાં નહીં. ॥૧૬૮॥

અને તે વિધવા સ્ત્રીઓ, તેમણે સુવાસિની સ્ત્રીના જેવો વેષ ન ધારવો, તથા સંન્યાસણી તથા વેરાગણી તેના જેવો વેષ ન ધારવો, અને પોતાના દેશ, કુળ અને આચાર તેને વિરુધ્ધ એવો જે વેષ તે પણ ક્યારેય ન ધારવો. ॥૧૬૯॥

અને ગર્ભની પાડનારી જે સ્ત્રી તેનો

સંગ ન કરવો અને તેનો સ્પર્શ પણ ન કરવો ; અને પુરુષના શૃંગાર રસ સંબંધી જે વાર્તા, તે ક્યારેય ન કરવી અને ન સાંભળવી. ॥૧૭૦॥

અને યુવાન અવસ્થાને વિષે રહી એવી જે વિધવા સ્ત્રીઓ, તેમણે યુવાન અવસ્થાવાળા જે પોતાના સંબંધી પુરુષ તેમની સંગાથે પણ એકાંતસ્થળને વિષે આપત્કાળ પડ્યા વિના ન રહેવું. ॥૧૭૧॥

અને હોળીની રમત ન કરવી ને આભૂષણાદિકનું ધારણ ન કરવું અને સુવર્ણાદિક ધાતુના તારે યુક્ત એવાં જે ઝીણાં વસ્ત્ર તેનું ધારણ પણ ક્યારેય ન

કરવું. ॥૧૭૨॥

અને સુવાસિની ને વિધવા એવી જે સ્ત્રીઓ તેમણે વસ્ત્રો પહેર્યા વિના ના'વું નહિ અને પોતાનું જે રજસ્વલાપણું તે કોઈ પ્રકારે ગુપ્ત ન રાખવું. ॥૧૭૩॥

અને વળી રજસ્વલા એવી જે સુવાસિની અને વિધવા સ્ત્રીઓ, તે ત્રણ દિવસ સુધી કોઈ મનુષ્યને તથા વસ્ત્રાદિકને અડે નહિ અને ચોથે દિવસે નાહીને અડવું. (એવી રીતે ગૃહસ્થાશ્રમી એવા જે પુરુષ અને સ્ત્રીઓ તેમના જે આ વિશેષ ધર્મ કહ્યા તે સર્વે ધર્મવંશી આચાર્ય અને તેમની પત્નીઓ તેમણે પણ પાળવા, કેમકે એ

ગૃહસ્થ છે.) ॥૧૭૪॥

## ✤ બ્રહ્મચારીના વિશેષ ધર્મ ✤

હવે નૈષ્ઠિક બ્રહ્મચારીના જે વિશેષ ધર્મ તે કહીએ છીએ :- અમારે આશ્રિત એવા જે નૈષ્ઠિક બ્રહ્મચારી તેમણે સ્ત્રી માત્રનો સ્પર્શ ન કરવો; અને સ્ત્રીઓ સંગાથે બોલવું નહિ, અને જાણીને તે સ્ત્રીઓ સન્મુખ જોવું નહિ. ॥૧૭૫॥

અને તે સ્ત્રીઓની વાર્તા ક્યારેય ન કરવી અને ન સાંભળવી; અને જે સ્થાનકને વિષે સ્ત્રીઓનો પગફેર હોય, તે સ્થાનકને વિષે સ્નાનાદિક ક્રિયા કરવા ન જવું. ॥૧૭૬॥

અને દેવતાની પ્રતિમા વિના બીજી જે સ્ત્રીની પ્રતિમા, ચિત્રાની અથવા કાષ્ઠાદિકની હોય તેનો સ્પર્શ ન કરવો; અને જાણીને તો તે પ્રતિમાને જોવી પણ નહિ. ॥૧૭૭॥

અને તે નૈષ્ઠિક બ્રહ્મચારી તેમણે સ્ત્રીની પ્રતિમા ન કરવી, અને સ્ત્રીએ પોતાના શરીર ઉપર ધારેલું જે વસ્ત્ર તેને અડવું નહિ; અને મૈથુનાસક્ત એવાં જે પશુ-પક્ષી આદિક પ્રાણી માત્ર, તેમને જાણીને જોવા નહિ. ॥૧૭૮॥

અને સ્ત્રીના વેષને ધરી રહ્યો એવો જે પુરુષ તેને અડવું નહિ અને તેની સામું જોવું

નહિ; અને તે સાથે બોલવું નહિ અને સ્ત્રીનો ઉદ્દેશ કરીને ભગવાનની કથા- વાર્તા-કીર્તન પણ ન કરવા. ।।૧૭૯।।

અને તે નૈષ્ઠિક બ્રહ્મચારી, તેમણે પોતાના બ્રહ્મચર્ય વ્રતનો ત્યાગ, થાય એવું જે વચન તે તો પોતાના ગુરુનું પણ ન માનવું; ને સદાકાળ ધીરજવાન રહેવું અને સંતોષે યુક્ત રહેવું ને માને રહિત રહેવું. ।।૧૮૦।।

અને બળાત્કારે કરીને પોતાને અતિશય સમીપે આવતી એવી જે સ્ત્રી તેને બોલીને અથવા તિરસ્કાર કરીને પણ તુરત વારવી, પણ સમીપે આવવા દેવી નહિ. ।।૧૮૧।।

અને જો ક્યારેક સ્ત્રીઓનો અથવા પોતાનો પ્રાણ નાશ થાય, એવો આપત્કાળ આવી પડે, ત્યારે તો તે સ્ત્રીઓને અડીને અથવા તે સાથે બોલીને પણ તે સ્ત્રીઓની રક્ષા કરવી અને પોતાની પણ રક્ષા કરવી. ॥૧૮૨॥

અને તે નૈષ્ઠિક બ્રહ્મચારી તેમણે પોતાને શરીરે તૈલમર્દન ન કરવું ને આયુધ ન ધારવું, ને ભયંકર એવો જે વેષ તે ન ધારવો અને રસના ઈન્દ્રિયને જીતવી ॥૧૮૩॥

અને જે બ્રાહ્મણના ઘરને વિષે સ્ત્રી પીરસનારી હોય, તેને ઘેર ભિક્ષા કરવા જવું

નહિ ને જ્યાં પુરુષ પીરસનારો હોય ત્યાં જવું. ॥૧૮૪॥

અને તે નૈષ્ઠિક બ્રહ્મચારી, તેમણે વેદશાસ્ત્રનો અભ્યાસ કરવો ને ગુરુની સેવા કરવી; ને સ્ત્રીઓની પેઠે જ સ્ત્રૈણ પુરુષનો સંગ જે તે સર્વકાળે વર્જવો. ॥૧૮૫॥

અને જાતિએ કરીને જે બ્રાહ્મણ હોય, તે કોઈએ પણ ચર્મવારિ ન પીવું ને ડુંગળી ને લસણ આદિક જે અભક્ષ્ય વસ્તુ તે બ્રાહ્મણ જાતિ હોય તેણે કોઈ પ્રકારે ન ખાવી. ॥૧૮૬॥

અને જે બ્રાહ્મણ હોય તેણે સ્નાન, સંધ્યા, ગાયત્રીનો જપ, શ્રીવિષ્ણુની પૂજા

અને વૈશ્વદેવ એટલાં વાનાં કર્યા વિના ભોજન કરવું જ નહિ. (એવી રીતે નૈષ્ઠિક બ્રહ્મચારીના વિશેષ ધર્મ કહ્યા.) ॥૧૮૭॥

## ❖ સાધુના વિશેષ ધર્મ ❖

હવે સાધુના જે વિશેષ ધર્મ તે કહીએ છીએ :- અમારે આશ્રિત જે સર્વે સાધુ તેમણે નૈષ્ઠિક બ્રહ્મચારીની પેઠે સ્ત્રીઓનાં દર્શન-ભાષણાદિક પ્રસંગનો ત્યાગ કરવો તથા સ્ત્રૈણ પુરુષના પ્રસંગાદિકનો ત્યાગ કરવો; અને અંતઃશત્રુ જે કામ, ક્રોધ, લોભ અને માન આદિક તેમને જીતવા. ॥૧૮૮॥

અને સર્વે જે ઈન્દ્રિયો તે જીતવી ને રસના ઈન્દ્રિયને તો વિશેષે કરીને જીતવી;

અને દ્રવ્યનો સંગ્રહ પોતે કરવો નહિ ને કોઈ બીજા પાસે પણ કરાવવો નહિ. ।।૧૮૯।।

અને કોઈની થાપણ ન રાખવી અને ક્યારેય પણ ધીરજતાનો ત્યાગ ન કરવો અને પોતાના ઉતારાની જાયગા બંધિની હોય તો તેને વિષે ક્યારેય પણ સ્ત્રીનો પ્રવેશ થવા દેવો નહિ.।।૧૯૦।।

અને તે સાધુ તેમણે, આપત્કાળ પડ્યા વિના રાત્રિને વિષે સંઘસોબત વિનાનું ચાલવું નહિ તથા આપત્કાળ પડ્યા વિના ક્યારેય પણ એકલા ચાલવું નહિ. ।।૧૯૧।।

અને જે વસ્ત્ર બહુ મૂલ્યવાળું હોય તથા ચિત્ર વિચિત્ર ભાત્યનું હોય, તથા

કસુંબાદિક જે રંગ, તેણે કરીને રંગેલું હોય તથા શાલ-દુશાલા હોય ને તે જો બીજાની ઈચ્છાએ કરીને પોતાને પ્રાપ્ત થયું હોય, તો પણ તે વસ્ત્ર પોતાને પહેરવું-ઓઢવું નહિ. ॥૧૯૨॥

અને ભિક્ષા તથા સભાપ્રસંગ એ બે કાર્ય વિના ગૃહસ્થના ઘર પ્રત્યે જવું નહિ; અને ભગવાનની જે નવ પ્રકારની ભક્તિ તે વિના વ્યર્થ કાળ નિર્ગમવો નહિ, નિરંતર ભક્તિ કરીને જ કાળ નિર્ગમવો. ॥૧૯૩॥

અને જે ગૃહસ્થના ઘરને વિષે રાંધેલ અન્નનો પીરસનારો પુરુષ જ હોય તથા સ્ત્રીઓનો દર્શનાદિક પ્રસંગ કોઈ રીતે થાય

તીર્થધામ સરધાર UNDER SHREE RADHARAMANDEV JUNAGADH

એમન હોય. ll૧૯૪ll

તેવી રીતનું જે ગૃહસ્થનું ઘર તે પ્રત્યે અમારા સાધુ તેમણે જમવા જવું અને એ કહ્યું તેવું ન હોય તો કાચું અન્ન માગીને પોતાના હાથે રસોઈ કરવી ને ભગવાનને નૈવેદ્ય ધરીને જમવું. ll૧૯૫ll

અને પૂર્વે ઋષભદેવ ભગવાનના પુત્ર જે ભરતજી તે જે તે પૃથ્વીને વિષે જડ બ્રાહ્મણ થકા જેમવર્તતા હવા તેમજ પરમહંસ એવા જે અમારા સાધુ તેમણે વર્તવું. ll૧૯૬ll

અને નૈષ્ઠિક બ્રહ્મચારી ને એ સાધુ તેમણે તાંબૂલ તથા અફીણ તથા તમાકુ

ઈત્યાદિકનું જે ભક્ષણ તે જતને કરીને વર્જવું. ||૧૯૭||

અને તે નૈષ્ઠિક બ્રહ્મચારી ને સાધુ તેમણે ગર્ભાધાન આદિક જે સંસ્કાર તેમને વિષે જમવું નહિ તથા એકાદશાહ પર્યંત જે પ્રેતશ્રાદ્ધ તેમને વિષે જમવું નહિ તથા દ્વાદશાહ શ્રાદ્ધને વિષે જમવું નહિ. ||૧૯૮||

અને રોગાદિક આપત્કાળ પડ્યા વિના દિવસે સૂવું નહિ અને ગ્રામ્યવાર્તા કરવી નહિ ને જાણીને સાંભળવી નહિ. ||૧૯૯||

અને તે નૈષ્ઠિક બ્રહ્મચારી ને સાધુ

તેમણે રોગાદિક આપત્કાળ પડ્યા વિના ખાટલા ઉપર સૂવું નહિ, અને સાધુની આગળ તો નિરંતર નિષ્કપટપણે વર્તવું. ॥૨૦૦॥

અને તે સાધુ અને બ્રહ્મચારી તેમણે કોઈક કુમતિવાળા દુષ્ટ જન હોય, ને તે પોતાને ગાળ દે અથવા મારે તો તે સહન જ કરવું, પણ તેને સામી ગાળ ન દેવી ને મારવો નહિ, અને તેનું જેમહિત થાય તેમજ મનમાં ચિંતવન કરવું, પણ તેનું ભૂંડું થાય એવો તો સંકલ્પ પણ ન કરવો. ॥૨૦૧॥

અને કોઈનું દૂતપણું ન કરવું તથા ચાડિયાપણું ન કરવું ને કોઈના ચારચક્ષુ ન

થવું અને દેહને વિષે અહંબુદ્ધિ ન કરવી ને સ્વજનાદિકને વિષે મમતા ન કરવી. (એવી રીતે સાધુના વિશેષ ધર્મ કહ્યા.) ॥૨૦૨॥

અને અમારે આશ્રિત એવા જે સત્સંગી બાઈભાઈ સર્વે તેમના જે સામાન્ય ધર્મ અને વિશેષ ધર્મ તે જે તે સંક્ષેપે કરીને આવી રીતે અમે લખ્યા છે અને આ ધર્મનો જે વિસ્તાર તે તો અમારા સંપ્રદાયના જે ગ્રંથ તે થકી જાણવો. ॥૨૦૩॥

અને સર્વે જે સત્શાસ્ત્ર તેનો જે સાર તેને અમે અમારી બુદ્ધિએ કરીને ઉદ્ધારીને આ શિક્ષાપત્રી જે તે લખી છે, તે કેવી છે તો સર્વે મનુષ્યમાત્રને મનવાંછિત ફળની

દેનારી છે. ॥૨૦૪॥

એ હેતુ માટે અમારા આશ્રિત જે સર્વે સત્સંગી તેમણે સાવધાનપણે કરીને નિત્યપ્રત્યે આ શિક્ષાપત્રીને અનુસરીને જ વર્તવું પણ પોતાના મનને જાણે તો ક્યારેય ન વર્તવું. ॥૨૦૫॥

અને જે અમારા આશ્રિત પુરુષ ને સ્ત્રીઓ તે જે તે આ શિક્ષાપત્રી પ્રમાણે વર્તશે તો તે ધર્મ, અર્થ, કામને મોક્ષ એ ચારે પુરુષાર્થની સિદ્ધિને નિશ્ચય પામશે. ॥૨૦૬॥

અને જે બાઈ-ભાઈ, આ શિક્ષાપત્રી પ્રમાણે નહિ વર્તે તે તો અમારા સંપ્રદાય થકી

બાહેર છે, એમઅમારા સંપ્રદાયવાળા સ્ત્રી-પુરુષ તેમણે જાણવું. ॥૨૦૭॥

અને અમારા જે આશ્રિત સત્સંગી તેમણે આ શિક્ષાપત્રીનો નિત્યપ્રત્યે પાઠ કરવો અને જેને ભણતાં આવડતું ન હોય તેમણે તો આદર થકી આ શિક્ષાપત્રીનું શ્રવણ કરવું. ॥૨૦૮॥

અને આ શિક્ષાપત્રીને વાંચી સંભળાવે એવો કોઈ ન હોય ત્યારે તો નિત્યપ્રત્યે આ શિક્ષાપત્રીની પૂજા કરવી; અને આ જે અમારી વાણી તે અમારું સ્વરૂપ છે. એ રીતે પરમઆદર થકી માનવી. ॥૨૦૯॥

અને આ જે અમારી શિક્ષાપત્રી તે જે

તે દૈવીસંપદાએ કરીને યુક્ત એવો જે જન હોય તેને આપવી; અને જે જન આસુરી સંપદાએ કરીને યુક્ત હોય તેને તો ક્યારેય ન આપવી. ॥૨૧૦॥

સંવત ૧૮૮૨ અઢારસો બ્યાસીના મહા શુદિ પંચમીને દિવસે આ શિક્ષાપત્રી અમે લખી છે, તે પરમકલ્યાણકારી છે. ॥૨૧૧॥

निजाश्रितानां सकलार्तिहन्ता सधर्मभक्तेरवनं विधाता ।
दाता सुखानां मनसेप्सितानां तनोतु कृष्णोऽखिलमङ्गलं नः ॥ २१२॥

અને પોતાના આશ્રિત જે ભક્તજન તેમની જે સમગ્ર પીડા તેના નાશ કરનારા એવા, ને ધર્મે સહિત જે ભક્તિ તેની રક્ષાના કરનારા એવા, ને પોતાના ભક્તજનને

મનવાંછિત સુખના આપનારા, એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તે જે તે અમારા સમગ્ર મંગળને વિસ્તારો. ॥૨૧૨॥

इति श्रीसहजानन्दस्वामिलिखिता
शिक्षापत्री समाप्ता ।

**ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય-**
**નિત્યાનંદમુનિ**
**લિખિતા શિક્ષાપત્રી ટીકા સમાપ્તા ॥**

તીર્થધામ સરધાર
UNDER SHREE RADHARAMANDEV JUNAGADH

# હરિભક્તોને વર્ત્યાની રીતિ

**ભગવાન શ્રી સ્વામિનારાયણે શિક્ષાપત્રીમાં દર્શાવેલા, સત્સંગીઓએ પાળવાના અગિયાર નિયમો**

૧. જીવની હિંસા શરીર, મન કે વચનથી ન કરવી.
૨. પરસ્ત્રીનો સંગ ન કરવો.
૩. ક્યારેય, કોઈ પ્રકારે માંસ ન ખાવું.
૪. દવાના રૂપમાં પણ દારૂ ન પીવો.
૫. વિધવા સ્ત્રીનો સ્પર્શ ન કરવો.
૬. તીર્થમાં પણ આત્મઘાત ન કરવો.
૭. ધર્મ કાર્ય માટે પણ ચોરી ન કરવી.
૮. કોઈને માથે મિથ્યા કલંક ન દેવું.
૯. કોઈપણ દેવની નિંદા ન કરવી.
૧૦. જેનું ન ખપતું હોય તેનું અન્નજળ ન ખાવું.
૧૧. વિમુખ જીવના મુખથી ભગવાનની કથાવાર્તા ન સાંભળવી.(જો સાંભળે તો ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય,ભક્તિએ સહિત મોક્ષના માર્ગથી પડી જાય.)

## ભગવાનના ભક્તોએ ધ્યાનમાં રાખ્યા જેવી અતિ-આવશ્યક બાબતો

**૧. નિયમઃ** ઉપરોક્ત નિયમોનું પાલન કરવું અને સ્નેહીજનો પાસે પાલન કરાવવું.

**૨. નિશ્ચય :** નિર્વિકલ્પ નિશ્ચય એવો હોય કે, મને મળ્યા જે ભગવાન તે જ સર્વના કારણ સર્વોપરી છે. બીજા ગમે તેવા મુકતાનંદસ્વામી જેવા ઉચ્ચકોટિનાં સંત હોય, તો પણ તેઓ ભગવાનનાં દાસ જ છે. માટે તેનું ધ્યાન તથા આરતી ન કરી શકાય અને થાય તો નિશ્ચયમાં ભંગ કહેવાય અને મોક્ષમાં પણ વિઘ્ન છે. (પ.પૂ.આચાર્ય મહારાજશ્રી તો ભગવાનનું અપર સ્વરૂપ છે માટે તેની આરતી થઈ શકે.)

**૩. પક્ષ :** સાંપ્રદાયિક સત્સંગી અને સંત-સર્વને સાચા સગા સમજીને તેમનો પોતાનાં કુટુંબીના જેવો શિરસાટે પક્ષ રાખવો. સાચા સંત અને

સત્સંગીની એ જ ઓળખાણ છે કે, શ્રીહરિએ કહેલા પંચવર્તમાન યથાવત પાળતા હોય તથા 'શ્રીહરિચરિત્રામૃત સાગર' માં કહેલાં સત્સંગના સ્થંભરૂપ એવા-દેવ (૧) આચાર્ય (૨) શાસ્ત્ર (૩) અને મંદિર (૪) આ ચારને પ્રતિપાદન કરતાં હોય અને તેમાં વળગી રહેલાં હોય એવા સંતો તથા તેને અનુસરતા એવા સત્સંગીઓ તેનો પક્ષ રાખવો. તથા **ગોપાળાનંદ સ્વામીએ કહ્યું છે** જે- પુરૂષોત્તમભગવાને આચાર્યજી મહારાજને આજ પોતાના દત્તપુત્ર કરીને સર્વે સાધુ તથા સત્સંગીના ગુરૂ કરીને પોતાની ગાદી ઉપર બેસાડ્યા છે, તેમાં તથા લક્ષ્મીનારાયણ આદિક જે મૂર્તિઓ પોતે પધરાવી છે તેમાં પણ પોતાના અવતાર જેટલું દૈવત પોતે મુક્યું છે. માટે તે આચાર્ય તથા પોતાની પધરાવેલી જે મૂર્તિઓ તેને અવતારી જે પુરૂષોત્તમભગવાન તેના **અવતાર જેવા** જાણવા

અને જેમઅવતારને અર્થે કરે તેને પોતે **અંગીકાર** કરે છે તેમજ આચાર્યજીને અર્થે તથા પોતાની પધરાવેલી જે મૂર્તિઓ તેમને અર્થે જે સેવા કરે તે પોતે અંગીકાર કરે છે. તેમજ દેવ-આચાર્યશ્રીને અર્થે કોઈક સેવા કરતા હોય તેને અવળી વાત કહીને ભ્માંગી નાખે તથા એમકહે જે, આચાર્યને અને લક્ષ્મીનારાયણ આદિક દેવને ક્યાં ખોટ છે ? માટે કાંઈ ધર્માદાનું હોય તથા નામનું હોય તે સંતને અર્થે ખર્ચો. કેમકે જે સંતને અર્થે જે જે કરે છે, તે તત્કાળ ઊગી નિસરે છે. એમ **અવળો ઉપદેશ** કરીને પોતાની શુશ્રુષાને અર્થે બીજાને મોળા પાડે છે તથા કોઈ સારો મનુષ્ય હોય, ને તે દેવની તથા આચાર્યની સેવા કરતો હોય તેને પોતાની સેવા કરાવ્યાને અર્થે અવગુણ ઘાલીને તેમની સેવામાંથી પાછા પાડીને પોતાની સેવા કરાવે તો તેને પંચ મહાપાપ જેવું પાપ થાય છે. માટે આ કહ્યું

એમસમજે તો જ **શુદ્ધ સંપ્રદાયનું જ્ઞાન** પામ્યા કહેવાય, નહીં તો અશુદ્ધ સંપ્રદાયનું જ્ઞાન કહેવાય ને આ વાત તો કેવી છે, તો જેમહીરો હોય ને તેને જતન કરીને રાખે તેમઆ વાતને હીરાની પેઠે નિત્યે નવી ને નવી રાખજો. પણ ગાફલપણે કરીને ભૂલશો મા જરૂર ભૂલશોમા, કેમકે આ વાતને જે ન સમજે તેને મોક્ષના માર્ગમાં બહુ ફેર પડે છે. **(પ્ર-૩. વાત-૮)** તથા ગોપાળાનંદ સ્વામીની બે પ્રકરણની વાતોમાં **પ્ર-૨ વાત-૨૫૦** (ત્રણ પ્રકરણની વાતોમાં પ્ર-૧ વાત/૨૬૫)મુજબ એકાંતિક ભક્તની વૃત્તિમાં ભગવાન રહ્યા હોય એવાનું વર્તન કેવી જાતનું હોય ? **ઉત્તરઃ**-એની જે ક્રિયા તે આચાર્યજી મહારાજને અર્થે હોય કે મંદિરને અર્થે હોય પણ પોતાને અર્થે ન હોય તથા **શુકાનંદસ્વામીએ** **વાત-૯** માં કહ્યું છે કે **મુક્તાનંદસ્વામી**ને દેહ મૂકવા આડા ત્રણ દિવસ

રહ્યા ત્યારે કહે : 'હવે મંદવાડ કશો નથી. હવે તો સાજા થયા તે ગાડી ઉપર બેસીને દેશમાં ફરશું ને મોટામોટા શહેરમાં વાતો કરીને આચાર્ય મહારાજશ્રીની પધરામણી કરાવશું ને શુધ્ધ સંપ્રદાયની પ્રતિષ્ઠા કરીશું' તેમજ **શુકમુનિ**ની **વાત-૪૦** માં કહ્યું છે જે-ભગવાન રાજી કેમથાય? **ઉત્તર :-** રાજી થાય એવો ખપ જોઈએ. તેમાં ગૃહસ્થને દેવની તથા આચાર્યની દશોંદ-વિશોંદ ધર્માદો અને નામની સેવા કરવી અને ત્યાગીને દેહે કરીને સેવા કરવી તો ભગવાન રાજી થાય. એવી રીતે વર્તતા એવા સંત તથા સત્સંગીઓ તેમનો **પક્ષ** રાખવો. તેમનો પક્ષ રાખતા જીવો યા મરો પણ તેનું અવશ્ય કલ્યાણ જ છે. એવા સંત-સત્સંગી ભગવાનનાં ધામમાં શ્રીહરિની સમીપની સેવાને પામે છે અને એ જ મરજી પ્રમાણે વર્તનારાં છે.

**૪. ભક્તિ** : માહાત્મ્યજ્ઞાને યુક્ત એકાંતિકી

તીર્થધામ સરધાર UNDER SHREE RADHARAMANDEV JUNAGADH

ભક્તિ કરવી. ભગવાન સિવાય કોઈ દેવ-દેવી કે સંતનું ધ્યાન કદાપિ ન કરવું. પતિવ્રતાની ભક્તિ કરવી. વેશ્યાની જેવી ભક્તિ ન કરવી. (ગ.મ.પ્ર.નું ૧૯મું વચનામૃત)

**૫. દ્રોહ :** ભગવાનનાં ભક્તનો મન, વાણી અને કર્મથી કોઈ પ્રકારે દ્રોહ ન કરવો.

**૬. દોષ :** ભગવાનનાં ભક્તમાં કોઈપણ પ્રકારનો દોષ ન રહેવો જોઈએ. તેમજ પંચવર્તમાને યુક્ત એવા સંતો-ભક્તોનો પણ દોષ જોવો ન જોઈએ.

**૭. સમાગમઃ** ભગવાનના માર્ગે આગળ વધવા માટે તથા પોતાના આત્માનું કલ્યાણ કરવા ઈચ્છનારે એકાંતિક સંત તથા હરિભક્તનો સમાગમનિત્ય પ્રત્યે કરવો.

**૮. વિવેક :** ધર્મકુળનાં વંશજ આચાર્યો, તેમનાથી દિક્ષા તથા મંત્ર પામેલા સંતો, શ્રીહરિએ તથા આચાર્યજીએ પધરાવેલી મૂર્તિઓ તેમજ શ્રીજી

મહારાજે રચાવેલાં શાસ્ત્રોને અને વર્તમાનકાળે આચાર્ય મહારાજે આશિષરૂપ આજ્ઞાપત્ર આપેલા શાસ્ત્રોને જ શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયનાં માનવા, તો જ શ્રીજી મહારાજ રાજી થશે અને તો જ આત્યંતિક કલ્યાણ થશે તેમજ પરમપદની પ્રાપ્તિ થશે. આ વાત વિવેકી સત્સંગીઓએ ખાસ ધ્યાનમાં રાખવી.

૯. **દૈનિક ક્રિયા :** (૧) સૂર્ય ઉગ્યા પહેલાં સવારે ૪ થી ૫ ના સમયને **બ્રાહ્મમુહૂર્ત** કહેવાય છે તે બ્રાહ્મમુહૂર્તમાં ઉઠવું.

(૨)પથારીમાં બેસીને જ ભગવાનમાં વૃત્તિ રાખીને **ધ્યાન** કરવું.

(૩) મળત્યાગ બાદ **શૌચવિધિ** કરવા માટે શુધ્ધ મૃત્તિકા(ધૂળ) અથવા પાવડરથી ડાબો હાથ દસ વખત ધોવો,તેમજ બન્ને હાથ ભેગાં કરીને સાતવાર ધોવા અને બન્ને પગનાં તળિયા ત્રણવાર

ધોવા. (સાબુથી નહિ)

(૪) એક સ્થળે બેસી મૌન રાખીને ધોયેલું **દાતણ** કરવું, ઉલ ઉતારી ચીરી ધોઈને કચરા પેટીમાં નાંખવી. (જો બ્રશ કરતા હોઈએ તો આયુર્વૈદિક જ ટુથપેસ્ટ પાવડર તથા ટયુબ વાપરવી. અન્ય ટુથપેસ્ટોમાં હાડકાનો ભુકો, ચરબી વગેરે અયોગ્ય પદાર્થ નાખવામાં આવે છે માટે તે ન વાપરવા) વ્રત-ઉપવાસને દિવસે દાતણ ન કરવું. પણ બાર કોગળા કરીને **મુખશુદ્ધિ** કરવી.

(૫) 'સ્વામિનારાયણ' 'સ્વામિનારાયણ' **નામમંત્ર** સાથે નારાયણસરોવર, ઉન્મત્ત ગંગા (ઘેલા નદી), ગોમતી વગેરે તીર્થક્ષેત્રોને યાદ કરીને પવિત્ર ઠંડા પાણીથી **સ્નાન** કરવું. આપત્કાળે ગરમપાણીથી સ્નાન કરવાનો દોષ નથી.

(૬) સ્નાન કરીને,નાહ્યા પહેલાં શુધ્ધપણે મૂકેલ હોય તેવાં **પવિત્ર વસ્ત્રથી** શરીર લૂછવું.પૂજામાં

પહેરવા માટે વસ્ત્ર, રેશમી-ગરમકે અન્ય પવિત્ર હોય તેવું; ચાર મીટર લાંબુ એક પહેરવા માટે,તથા બીજુ ઓઢવા માટે ત્રણ મીટરનું, એમ **બે વસ્ત્રો** રાખવા. તે વસ્ત્ર સ્ત્રીઓએ તથા ધોબીએ ધોયેલા ન હોય, પવિત્ર જળથી ધોયેલા હોય, નાહ્યા વગર અશુધ્ધ શરીરે સ્પર્શ કર્યો ન હોય તેવા રાખવા.

(૭) ઊન-રેશમી આદિક **પવિત્ર આસન** કે જે પર સારી રીતે બેસી શકાય તે પર બેસીને પૂર્વમુખે અથવા ઉત્તરમુખે બેસીને પૂજા કરવી, સુતરાઉ આસન ઉપર બેસીને પૂજા કરનાર વ્યક્તિને પૂજાનું યથાર્થ ફળ મળતું નથી એમશિક્ષાપત્રી ભાષ્યમાં કહ્યું છે, ત્રણ વખત **આચમન** કરવું. આચમન કરી, શિખા બાંધતી વખતે ''श्रीधर ! श्रीपते ! स्वामिन् ! भक्तानामभयंकर ! तिष्ठ देव शिखाबन्धे स्वामिनारायण प्रभो ! ।।'' એ મંત્ર બોલી શિખા બાંધવી. પછી **તિલકચાંદલો** કરવો.

ફરી ત્રણવાર **આચમન** કરવું. પછી શાસ્ત્રોક્ત વિધિ મુજબ **માનસીપૂજા** કરવી. **આવાહન** મંત્ર બોલી ભગવાનને રેશમી અથવા મખમલના પવિત્ર કટકા વડે માર્જન કરવું. (ભગવાનની મૂર્તિને લુછવી) નિયમમુજબ ધ્યાન, માળા, સ્તુતિ, દંડવત કરવા. ત્યાર બાદ **વિસર્જન મંત્ર** બોલી ભગવાનની મૂર્તિ સંકેલી લેવી. જે પુરુષભક્તોએ પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્ય મહારાજશ્રી પાસેથી **ગુરૂમંત્ર** લીધો હોય અને જે સ્ત્રીભક્તોએ પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્ય મહારાજશ્રીના ધર્મપત્ની પ.પૂ. અ.સૌ. ગાદીવાળા માતુશ્રી પાસેથી ગુરૂમંત્ર લીધો હોય તેમણે તે મંત્રની દરરોજ ઓછામાં ઓછી **બે માળા** ફેરવવી. જેણે ગુરૂમંત્ર લીધો ન હોય તેમણે અવશ્ય તે મંત્ર લેવો. **શિક્ષાપત્રી**નો **પાઠ** શક્તિ અનુસાર કરવો. ત્યાર બાદ વ્યવહારિક કામકાજ કરવું. પૂજા

કરતી વખતે સંપૂર્ણ **મૌન** રાખવું.પૂજામાં ભગવાન સિવાય કોઈપણ મનુષ્ય, દેવ કે સાધુની મૂર્તિ ન રાખવી.

(૮) દિવસ દરમ્યાન પાંચ વખત **માનસીપૂજા** કરવી. **પહેલી**-સવારે પૂજા કરતી વખતે પાંચ વાગ્યે, **બીજી**-બપોરે અગિયારથી બાર વાગ્યે થાળ ધરાવવાના સમયે,**ત્રીજી**-ઉત્થાપન સમયે ચાર વાગ્યે, **ચોથી**-રાત્રે જમવાના સમયે આઠ થી દસ વાગ્યા સુધીમાં અને **પાંચમી**-રાત્રે નવથી દસ વાગ્યે પોઢાડતી વખતે.

(૯) ભગવાનના ભક્તોએ દરેક વસ્તુ ભગવાનને ધરાવીને જ વાપરવી. ભગવાનને અર્પણ કર્યા વગરની વસ્તુઓ ભક્તને મોક્ષ માર્ગમાં વિઘ્ન કરનારી છે.

(૧૦) ભગવાનની પ્રસાદી અથવા જળ નીચે બેસી જમણા હાથથી લેવી.

(૧૧) શાસ્ત્રમાં કહ્યા મુજબ ગૃહસ્થ સત્સંગીભાઈઓએ ઋતુ પ્રમાણે **ઉત્તમબ્રહ્મચર્ય** વ્રત પાળવું. તેની વિગત :- સ્ત્રી **માસિક**માં આવ્યા બાદ સોળ દિવસ **ઋતુકાળ** કહેવાય છે તેમાં સંગ નહીં કરવાના દિવસો-પ્રથમચાર દિવસ, નવમી, દશમી, અગિયારસ, બારસ,પૂનમ, અમાસાદિક ઉપવાસ અને શ્રાદ્ધનો દિવસ તથા તેનો પૂર્વ દિન તથા માસિક આવે ત્યાં સુધીનાં દિવસોમાં સ્ત્રી સંગ ન કરવો. નિષેધ કરેલા દિવસોમાં સ્ત્રી સંગ કરનારને કૂતરા-બિલાડાના જન્મઆવે છે. **(સત્સંગીજીવન પ્રકરણ-૫, અધ્યાય-૮)** રજસ્વલા સ્ત્રીને ધાવણો બાળક અડે તો તેને **છાંટ** નાંખવાથી, ખાવા શિખેલ બાળકને આચમન કરાવીને અને આઠ વર્ષ પછીના બાળકને વસ્ત્ર સહિત **સ્નાન** કરાવવાથી શુદ્ધ થાય છે.

(૧૨) સૂર્ય કે ચંદ્રનું **ગ્રહણ** થતાં પહેલા પવિત્ર થઈ

સર્વે ક્રિયાનો ત્યાગ કરી **પ્રભુ-સ્મરણ** કરવું. ગ્રહણ મૂકાય ગયા બાદ વસ્ત્ર સહિત **સ્નાન** કરી યથાશક્તિ દાન કરવું.

(૧૩) નિત્ય પ્રત્યે સંધ્યા સમયે ભગવાનનાં મંદિરે જઈ ઉચ્ચ સ્વરે નામ સંકીર્તન કરવા તથા **કથાવાર્તા** સાંભળવી. મંદિરમાં ગ્રામ્યવાર્તા કરવાથી ભગવાન કુરાજી થાય છે.

(૧૪) પોતાની આવકમાંથી યથાશક્તિ દશમો યા વીશમો ભાગ ધર્માદો કરવાથી **દ્રવ્ય**ની **શુદ્ધિ** થાય છે. તે શુદ્ધ દ્રવ્યથી જ **સુખ-શાંતિ** મળે છે. અન્યથા સંસારમાં આવતી અનેક ઉપાધિઓના મૂળમાં આ આજ્ઞાનો લોપ હોય છે.

(૧૫) દરેક મહિનાની સુદિ અને વદિ **એકાદશી** તથા દરેક મહિનાની સુદિ નવમી **(હરિજયંતિ)** શાસ્ત્ર પ્રમાણે ઉત્સાહ પૂવક ઉપવાસ, જાગરણ આદિ સહિત કરવી.

(૧૬) ભગવાન જમતા હોય અગર પોઢ્યા હોય ત્યારે દંડવત્-પ્રદક્ષિણા કે વાતો ન કરવી.

(૧૭) તેલ,ઘી, દૂધ અને પાણી કપડા વડે ગાળીને જ વાપરવું. જેના હાથનું ખપે નહીં તેનું અન્ન તથા તેના પાત્રનું જળ ન લેવું. અને જેને પોતાના હાથનું ન ખપતું હોય તેને અન્ન તથા જળ ન દેવું.

(૧૮) સંડાસ જઈ આવ્યા પછી તથા પરસ્ત્રીનો સ્પર્શ થઈ જાય, તથા અસત્ શુદ્રને અડી જવાય, તથા દાઢી-હજામત કરાવ્યા બાદ સ્નાન કરવું.

(૧૯) એકાદશી આદિ વ્રતના દિવસોએ તેમજ અન્ય દિને દિવસે સુવાથી બ્રહ્મચર્યનો નાશ થાય છે. તેથી દિવસની નિદ્રાનો ત્યાગ કરવો.

(૨૦) બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય ભક્તોએ જનોઈ તથા માથે **શિખા**(ચોટલી) રાખવી. ન રાખે તો **કર્મફળ**ની **સિદ્ધિ** થતી નથી ને શાસ્ત્રમાં તેને શુદ્ર સમાન ગણેલાં છે. દ્વિજ હોય તેને જ

**મહામંત્ર** - ભાગવતી દીક્ષાનો અધિકાર છે. **(સ.પ્ર.પ.અ.૩)**

જે કોઈ સત્સંગીઓ ઉપર પ્રમાણેનાં **નિયમો** તથા **પ્રથા** પ્રમાણે વર્તશે, વર્તાવશે તેની ઉપર ભગવાન **શ્રી સ્વામિનારાયણ**નો પૂર્ણ રાજીપો થશે અને અંતકાળે અક્ષરધામમાં પોતાનાં **સાનિધ્યનું સુખ** આપશે, એ **નિર્વિવાદ** વાત છે.

હવે શ્રીહરિજીના રાજીપામાં ખાસ કારણરૂપ, માટે જીવાત્માને કલ્યાણકારી એવી કેટલીક શાસ્ત્રોકત મયાદાઓ ઉપર એક વિહંગાલોકન દ્રષ્ટિ કરીએ.

**:: ૧ - દેવની મર્યાદા ::**

**દેવ :-** ભગવાન શ્રીહરિએ સ્વહસ્તે સ્થાપિત દેવની ધાતુ, પાષાણ, કાષ્ઠ કે ચિત્રની મૂર્તિઓ તથા પંચદેવની પ્રતિમાઓમાં તથા ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના સ્થાને અપર સ્વરૂપે

ગાદી પર **વિરાજમાન** કરેલા આચાર્યશ્રીએ પ્રતિષ્ઠા કરેલ મૂર્તિઓ અથવા પૂજવા માટે આપેલ ચિત્ર પ્રતિમાઓમાં પ્રત્યક્ષ દેવ બિરાજે છે, એવો ભાવ રહે તો જ દેવની મર્યાદા રહી શકે. મૂર્તિની પૂજા કરનાર પૂજારીએ મૂર્તિમાં પ્રત્યક્ષ દેવ બિરાજમાન છે તેવો ભાવ રાખી પૂજા કરવી જોઈએ.

‘‘પરમેશ્વરે પોતાની આજ્ઞાએ કરીને જે **મૂર્તિ** પૂજવા આપી હોય તે મૂર્તિ અષ્ટ પ્રકારની કહી છે. તેમાં પોતે **સાક્ષાત્ પ્રવેશ** કરીને વિરાજમાન રહે છે. તે મૂર્તિને ભગવાનનો ભક્ત પૂજતો હોય ત્યારે જેમ **પ્રત્યક્ષ** ભગવાન વિરાજતા હોય અને તેની **મર્યાદા** રાખે તેમ તે મૂર્તિની પણ રાખવી જોઈએ. તેમજ **સંતના હૃદયમાં** ભગવાનની મૂર્તિ રહી છે તે સંતની પણ **મર્યાદા** રાખવી જોઈએ. જ્યારે એ ભગવાનને અંતર્યામી જાણીને મર્યાદા નથી રાખતો

તો એને ભગવાનનો નિશ્ચય જ નથી.'' **(વ.ગ.પ્ર.-૬૮)**

ભગવાનની મૂર્તિને વાંસો દઈને બેસવું નહિ. ભગવાનની મૂર્તિ સામે બુટ-ચંપલ પહેરીને ન જવું. દર્શન કરતી વખતે હાથમાં લાકડી કે છત્રી જેવા સાધન ન રાખવા. (વૃદ્ધ, રોગી કે અપંગ વ્યક્તિ લાકડીનો ટેકો રાખી શકે છે.)

મૂર્તિ સામે ફૂલનો હાર પહેરીને જવું નહિ.

મળ ત્યાગ કરી સ્નાન કરવું અને ધોયેલા સ્વચ્છ કપડાં પહેરીને જ મંદિરમાં જવું, બેસણામાં જઈ આવ્યા પછી સ્નાન કરીને ભગવાનનાં દર્શને જવું.

ભગવાનની મૂર્તિ સામે પગ ઉપર પગ ચઢાવીને કે ઢીંચણ બાંધીને બેસવું નહિ. **(શિ.શ્લો.-૭૦)**

ભગવાનના દર્શન કરતી વખતે પાન ન ખાવું,

જોરથી હસવું નહિ, ક્રોધ કે કુચેષ્ટા ન કરવી. સ્ત્રીઓ સાથે વાતચીત કે સ્પર્શ ન કરવો.

ભગવાન પોઢ્યા હોય કે થાળ જમતા હોય ત્યારે પ્રદક્ષિણા કે દંડવત્ કરવા નહિ.

ઉત્સવના દિવસે કે નિત્ય પ્રત્યે મંદિરમાં સ્ત્રી, પુરુષોએ પરસ્પર સ્પર્શ ન કરવો. **(શિ. શ્લો.-૪૦)**

ગુરૂ, દેવ અને રાજાના દર્શને ઠાલે હાથે ન જાવું. **(શિ. શ્લો.-૩૭)**

દેવ-દર્શને જવું ત્યારે ફળ, ફૂલ, મીઠાઈ કે ધન-ધાન્યાદિક અર્પણ કરવું, ધન દાનપેટીમાં મૂકવું પણ છૂટો ઘા કરી ફેંકવું નહિ.

દેવ-મંદિરમાં માથા પરની ટોપી, પાઘડી, હેટ કે સાફો હાથમાં લઈ દર્શન કરવા. ખુલ્લા મસ્તકને નમાવી ‘‘હું તમારે શરણે આવ્યો છું.’’ એવા ભાવથી દર્શન કરવા.

## -: સાષ્ટાંગ તથા પંચાંગ નમસ્કાર :-

આપણા સંપ્રદાયની સવિશેષતા દંડવતે કરીને છે.

**પુરૂષો માટે આઠ અંગ :-** ૧.હાથ ૨.પગ ૩. ઢીંચણ ૪.છાતી ૫.મસ્તક ૬.મન ૭.વાણી ૮.દ્રષ્ટિ તેણે સહિત **સાષ્ટાંગ** દંડવત્ પ્રણામકરવા.

**સ્ત્રીઓ માટે પાંચ અંગ :-** ૧.હાથ ૨. મસ્તક ૩. મન ૪. વાણી અને ૫. દ્રષ્ટિએ સહિત **પંચાંગ** નમસ્કાર કરવા.

દેવના **દર્શન** કરતી વખતે ભગવાને પહેરેલાં શણગારના ઘરેણાં અને વસ્ત્રે સહિત **અંગો અંગ** નીરખવા.

દર્શન કરતી વખતે અન્ય હરિભક્તોને **અડચણ** ન થાય તે જોવું. સભા મંડપમાં કથા સાંભળવા અવશ્ય બેસવું.

દેવ-દર્શન સમયે નિજ મંદિરમાં એક બીજાને પગે લાગવા પૂર્વક **વંદન** તથા ઉંચા સ્વરથી **જય**

**સ્વામિનારાયણ** ન કહેવા, અને તે વખતે વડીલો કે સંતોને પણ પગે ન લગાય. હાથમાં ગૌમુખી-માળા હોય તે હાથ વડે **ચરણ સ્પર્શ** ન કરવો.

સંત કે મોટા હરિભક્ત દંડવત્ કરતા હોય ત્યારે પ્રસાદ, ફુલ કે તુલસી લેવા માટે આગળ ઊભા ન રહેવું.

દર્શન વખતે આગળ હોઈએ કે પાછળ તેમાં કોઈ ફરક પડતો નથી. શાંતિથી એક ચિત્તે **દર્શન** કરીએ તો **ફળ** વધારે મળે છે. મૂર્તિના દર્શન વખતે મનને મૂર્તિમાં પરોવવું. મૂર્તિની સામે ઊભા રહી મન બીજે રહે તેને દર્શનનું કાંઈ ફળ મળતું નથી.

ઘર વિશાળ હોય તો પૂજાનો રૂમ અલગ રાખવો. શક્ય હોય તો ભગવાનનાં સિંહાસન પાસે (**T.V.**) રેડિયો કે ઘરની અન્ય વસ્તુઓ ન રાખવી.

સવાર-સાંજ ભગવાનની આરતી, થાળ,

જગાડવા, પોઢાડવા વિગેરે **સેવા** પ્રત્યક્ષ માનીને કરવી.

**આરતી-નિત્યનિયમ**ના સમયે ઘરના દરેક સભ્યોએ તેમાં જોડાઈ જવું.

બહાર ગામજવાનું થાય ત્યારે પાણી ધરાવી પડદો રાખી **પ્રાર્થના** કરવી, ‘‘હે મહારાજ! અમારે બહાર ગામજવાનું છે તો આપ મંદિરમાં મૂર્તિ ભેગા થાળ વિગેરે જમવા પધારજો.’’

સવારમાં નિત્યપૂજા-વિધિ થઈ ગયા પછી **પૂજાપેટી** સારી જગ્યાએ સિંહાસન, કબાટ કે થેલીમાં મર્યાદા જળવાય ત્યાં રાખવી.

બહારગામજવાનું હોય ત્યારે પૂજા અવશ્ય સાથે લઈ જવી. દરરોજ ધોતિયું પહેરીને જ પૂજા કરવી.

ભગવાનનાં દર્શન કરતી વખતે ઓછામાં ઓછા **પાંચ દંડવત્** પ્રણામકરવા. ભગવાનને એક

દંડવત્, એક પ્રદક્ષિણા તથા એક હાથે પગે લાગવું નહિ.

મંદિરે દર્શન કર્યા પછી ઓટલા પર બેસી શિખર, કળશ ને ધજાના દર્શન કરી **મૂર્તિનું ચિંતવન** કરવું.

મંદિરે દર્શન કરવા જઈએ ત્યારે જતાં-આવતાં સ્વામિનારાયણ-મહામંત્રનો **જપ** કરવો અથવા સ્તોત્રનો **પાઠ** કરવો અથવા કીર્તન ગાવવા, કેમકે **દર્શનનો પિરીયડ** ઘેરથી નીકળીએ ત્યારથી જ શરૂ થઈ જાય છે.

માર્ગને વિષે ચાલતાં શિવાલયાદિક જે દેવ મંદિર આવે તેને નમસ્કાર કરવા ને આદરથી તે દેવનું દર્શન કરવું. **(શિ. શ્લો. ૨૩)**

દેવદર્શને જઈએ ત્યારે પોતાના **વાહનને** યોગ્ય જગ્યાએ **પાર્ક** કરવું જેથી અન્યને અડચણરૂપ થાય નહિ. મંદિરમાં હોર્ન વગાડવો

નહિ.

આ સિવાય દેવની મર્યાદા અંગે **બીજા પણ નિયમો** તારવી શકાય છે. પરંતુ ટુંકમાં આપણે ઈષ્ટદેવ ભગવાન શ્રીહરિને પ્રસન્ન કરવા માટે નિષ્કપટ થઈ શરણે જઈએ અને નિશ્ચયનું બળ રાખી એમના વચનને માનીએ તેમાં જ સર્વે મર્યાદા સમાયેલી છે.

## :: ૨ - શાસ્ત્રની મર્યાદા ::

શાસ્ત્ર **વાંચન** ચાલુ કરતા પહેલાં પુસ્તકને પગે લાગવું તથા **મંગળાચરણ**નો શ્લોક બોલીને જ વાંચવું.

વાંચતા **અધવચ્ચે** કયાંઈ જવું પડે તો પુસ્તક બંધ કરી યથાયોગ્ય સ્થાને મૂકીને જવું.

શાસ્ત્રના પાના વાળવા નહિ, તેનો તકિયો કે ઓઠીંગણ બનાવવું નહિ. પગ નીચે રાખવું નહિ.

તીર્થધામ સરધાર
UNDER SHREE RADHARAMANDEV JUNAGADH

પુસ્તક બહાર લઈ જવું હોય તો કપડામાં બરાબર બાંધીને કે થેલી અથવા કોથળીમાં લઈ જવું. જેથી હાથનો **પરસેવો** ન લાગે.

પુસ્તકના પાનાને ખોલવા **થૂંક** ન લગાડવું. અધ્યાય પૂરો થાય પછી ઊઠવું કે વાત કરવી.

શાસ્ત્ર એ શ્રીહરિનું સ્વરૂપ છે માટે પુસ્તકને ઊંચા તેમજ શ્રેષ્ઠ આસન ઉપર રાખવું અને પવિત્ર પણે રહીને અડવું.

## :: ૩ - તીર્થ સ્થાનોની મર્યાદા ::

કૂવાથી દૂર સ્નાન કરવું જેથી નાહ્યાનું પાણી કૂવામાં ન જાય. નદી કે તળાવમાં કોગળા કરવા નહિ. મળમૂત્ર, કચરો, પથ્થર, કાંટા આદિ નાખવું તે બહુ જ ખરાબ છે. અજાણ્યા પાણીમાં ઊતરતાં પહેલાં લાકડીથી પાણીનું ઊંડાણ જાણી લેવું. તરતા આવડતું ન હોય તો ઊંડા પાણીમાં ન જવું. નદી, કૂવા કે સરોવરના ઘાટ પર **ગંદકી** કરવી

નહિ.

લોક અને શાસ્ત્ર તેમણે મળમૂત્ર કરવાને અર્થે વર્જ્યા એવા સ્થાનક જે જીર્ણ દેવાલય, નદી-તળાવના આરા, માર્ગ, વાવેલું ખેતર, વૃક્ષની છાંયા તથા બાગબગીચાને વિષે કયારેય પણ મળમૂત્ર ન કરવું તથા થૂંકવું પણ નહિ. **(શિક્ષા.શ્લો.-૩૨)**

તીર્થ સ્થાનમાં પાપ ધોવા માટે આવીએ છીએ તો બને તો સફાઈ કરીએ, પણ ગંદકી તો કરવી જ નહિ.

તીર્થ સ્થાનમાં મનને પવિત્ર રાખવું. ભગવાનમાં વૃત્તિ જોડવી. **સંત સમાગમ** કરવો.

તીર્થ સ્થાનોમાં મળતી સગવડ-અગવડને યાદ ન કરવી, મુખ્ય હેતુ તો **દર્શન**નો છે તેનું **અનુસંધાન** રાખવું. તીર્થ સ્થાનમાં ભગવાનની મૂર્તિના દર્શન કરી શણગાર અને પ્રસાદીના

UNDER SHREE RADHARAMANDEV JUNAGADH

સ્થાનને યાદ રાખવા.

તીર્થયાત્રાનો વિધિ તથા વિશેષ, મહિમા શ્રીમદ્ સત્સંગિજીવન તથા શ્રીહરિલીલામૃતાદિક ગ્રંથમાંથી યથાર્થ જાણી લેવો.

## :: ૪ - ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીની મર્યાદા ::

પોતાના આચાર્ય સાથે ક્યારેય પણ વિવાદ ન કરવો અને પોતાના સામર્થ્ય પ્રમાણે અન્ન, ધન વસ્ત્રાદિકે કરી પોતાના આચાર્યને પૂજવા. **(શિ. શ્લો. -૭૧)**

પોતાના આચાર્યને આવતા સાંભળીને આદર થકી તત્કાળ **સન્મુખ** જવું. ગામથી પાછા પધારે ત્યારે ગામની ભાગોળ સુધી વળાવવા જવું. **(શિ. શ્લો. -૭૨)**

UNDER SHREE RADHARAMANDEV JUNAGADH

વાજિંત્ર સાથે ધામધૂમીથી **સામૈયું** કરવું, શોભાયાત્રા સાથે ગામમાં પધરાવવા.

પોતાના આચાર્ય પાસેથી તથા શ્રીકૃષ્ણ

ભગવાનનાં મંદિરમાંથી કરજ ન કરવું. વળી પોતાના વ્યવહારને અર્થે ઘરેણાં, વસ્ત્ર-પાત્રાદિક વસ્તુ તે માગી લાવવા નહિ. **(શિ. શ્લો.-૧૫૦)**

આચાર્ય મહારાજશ્રીના દર્શને જઈએ ત્યારે દંડવત્ પ્રણામકરવા. મસ્તકેથી ટોપી, પાઘડી કે સાફો ઉતારી મસ્તક નમાવવું.

મહારાજશ્રી સભામાં આવે ત્યારે આદર થકી ઊભા થવું, આચાર્યશ્રી પોતાના સ્થાને બિરાજે પછી જ બેસવું. જાય ત્યારે ઊભા થઈ **નમસ્કાર** કરવા.

દર્શને જઈએ તો હાર ધરાવવો કે શ્રીફળ અથવા ધન-વસ્ત્ર-ફળાદિક **ભેટ** તેમના ચરણમાં મૂકવી. અથવા હાથમાં અર્પણ કરવી.

સમૈયામાં ભીડ હોય ત્યારે આચાર્યશ્રી ચાલતા પસાર થતા હોય ત્યારે ચરણ સ્પર્શ કરવા પડાપડી ન કરવી. માત્ર હાથ જોડી ઊભા રહી

પ્રણામ કરવા. ભીડમાં બે બાજુ હાથ જોડી ઊભા રહી વચ્ચે રસ્તો કરી આપવો, જે ચરણ સ્પર્શ કરતા અધિક છે.

પુરુષોએ પ.પૂ.આચાર્ય મહારાજશ્રી પાસેથી અને બહેનોએ પ.પૂ. અ.સૌ. ગાદીવાળા-માતુશ્રી પાસેથી અવશ્ય **ગુરૂમંત્ર** લેવો અને તે મંત્રની દરરોજ ઓછામાં ઓછી બે માળા કરવી.

શ્રીજી મહારાજે **દેશવિભાગ**નો લેખ તથા **સત્સંગિજીવન** વગેરે ધર્મગ્રંથોમાં કરેલી **આજ્ઞા મુજબ** દર વર્ષે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીને ભેટરૂપે યથાશકિત **નામવેરો** આપવો.

આવી રીતે અનેક પ્રકારની **મર્યાદાઓ** છે. અત્રે અન્ય **સાધારણ નિયમો** મોટેરાની મર્યાદામાંથી પણ જાણી લેવા.

લગ્ન આદિ વ્યકિતગત વ્યવહારિક કાર્યક્રમોમાં આપણે **આશીર્વાદ** લેવા સામેથી જવું,

પણ આશીર્વાદ આપવા માટે તેડાવવાનો **આગ્રહ** રાખવો નહિ.

## :: ૫ - મોટેરાની મર્યાદા ::

**મોટેરા :** જેમાં પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, ત્યાગી સંત-બ્રહ્મચારી, ગૃહસ્થમાં લોકવ્યવહારે મોટેરા એવા રાજ્ય-અધિકારીઓ, ધનવાન તથા પ્રતિષ્ઠિત શ્રેષ્ઠ મનુષ્ય એ સર્વેનો **સમાવેશ** થાય છે.

શ્રીહરિના એક પત્રમાં લખ્યું છે કે સભા બેઠી હોય અને કોઈ મોટેરા આવે ત્યારે નાના વ્યક્તિએ સભામાં ઊભા થવું અને આસન પાથરી આપવું. નમસ્કાર કરવા, તેમજ પ્રસન્નવદને **આવકાર** આપવો.

મોટેરા આગળ મર્યાદા અનુસારે નમ્ર થઈ વિવેકથી બોલવું, પણ **વાદવિવાદ** ન કરવો.

ભોજનની પંક્તિમાં મોટેરા બેસે પછી બેસવું. તે જમવાનું શરૂ કરે પછી જમવું. તે જમીને ઊઠે

પછી ઊઠવું.

સૂતી વખતે પણ મોટેરા સૂવે પછી સૂવું અને જાગે તે પહેલાં જાગવું. તેઓને શ્રીહરિનાં નામસ્મરણ સાથે જગાડવા.

મોટેરાને વિષે ગુરૂબુદ્ધિ રાખીને સેવા કરવી. મોટેરાની નિંદા ન કરવી તથા ન સાંભળવી. મોટેરાની મર્યાદા લોપે છે તેના તપનું **દૈવત સ્રવી** જાય છે.

શ્રી સ્વામિનારાયણ ભગવાને વડિલોની મર્યાદાઓ રાખવા વિષે શિક્ષાપત્રી, વચનામૃત, શ્રીહરિચરિત્રામૃત સાગર આદિક ગ્રંથોમાં જે **મુદ્દાઓનું ઉલ્લેખન** કરેલ છે તેને જોઈએ.

ગુરૂ, રાજા, અતિવૃદ્ધ, ત્યાગી, વિદ્વાન અને તપસ્વી એ છ જણાં આવે ત્યારે સન્મુખ ઊઠવું, આસન આપવું તથા મધુરે વચને બોલાવવું, ઈત્યાદિક ક્રિયાએ કરીને એમનું સન્માન કરવું.

**(શિ. શ્લો.-૬૯)**

રાજા પરીક્ષિતનું ઋષિના આશ્રમમાં સન્માન ન થયું તથા બ્રહ્માની સભામાં ધ્યાનસ્થ શિવજીથી દક્ષ પ્રજાપતિનું સન્માન ન થયું, તો શું પરિણામઆવ્યું ? માટે સંસાર વ્યવહારે જે મોટો માણસ કહેવાતો હોય તેનું સભામાં કોઈ રીતે અપમાન કરવું નહિ, જો અપમાન કરે તો એમાંથી જરૂર દુઃખ થાય અને ભજન સ્મરણમાં પણ વિક્ષેપ થાય**(વચનામૃત ગ.મ.પ્ર.-૬૧)**

ભગવાનના ભક્તની મન-વચન અને દેહે કરીને જે સેવા બની આવે તેણે કરીને જેવું આ જીવનું રૂડું થાય છે ને એ જીવને સુખ થાય છે તેવું બીજે કોઈ સાધને કરીને નથી થતું. માટે ભગવાનના ભક્તનો દ્રોહ ન થાય એવી રીતે વર્ત્યાનો આદર કરવો.**(વચ.ગ.મ.પ્ર.-૪૦)**

મને પોતાનો ઈષ્ટદેવ જાણે છતાં વારે વારે

મારા વેણ ઉપર વેણ લાવે તે ન ગમે. હું કોઈની આગળ વાત કરતો હોઉં ને બોલાવ્યા વિના વચમાં બોલે તે ન ગમે. **(વચ. ગ. અં. પ્ર. -૨૫)**

ત્યાગ, ભક્તિ, સેવા, સમજણ, વૈરાગ્ય કે વર્તમાન પાળ્યાનો ઈત્યાદિક અહંકાર બોલીમાં લાવે તે ન ગમે...

સભા બેઠી હોય ત્યારે સૌથી છેલ્લો આવીને બેસે પણ પોતાને જ્યાં ઘટતું હોય ત્યાં ન બેસે તે ન ગમે. **(ગ. અં. પ્ર. ૨૫)**

પરમેશ્વર અને મોટા સંત સાથે પ્રશ્ન-ઉત્તર કરતાં હોઈએ અને તેમાં પરસ્પર વાદવિવાદ થતો હોય અને તેમાં પોતે જીતીએ એમજણાય તો પણ જે મોટાથી નાના હોય તેણે મોટાને સમીપે નમી દેવું. આપણા કરતાં મોટા સંત હોય તે સભામાં પ્રશ્ન-ઉત્તરે કરીને ભોંઠા પડે એમકરવું નહિ. મોટા સંત આગળ ને પરમેશ્વર આગળ તો જરૂર હારી

જવું. (વચનામૃત સારંગપુર-૨)

પરમેશ્વર તથા મોટા સંત તે પોતાને કોઈ યોગ્ય કે અયોગ્ય વચન કહે ત્યારે તે વચનને તત્કાળ સ્નેહે સહિત માનવું.

કોઈ વચન પોતાને મનાય નહિ એવું હોય તો, પરમેશ્વર તથા મોટા સંત તેમની મરજી હોય તો તેમને હાથ જોડીને ભક્તિએ સહિત એમકહેવું જે, હે મહારાજ ! " તમે જે વચન કહ્યું તે તો ઠીક છે, પણ આટલી મને તેમાં આશંકા થાય છે." એ પ્રકારનું દીન થઈને વચન કહેવું.

જો પરમેશ્વરની મરજી ન હોય તો તેમની સમીપે રહેતા હોય જે મોટા સંત તથા હરિભક્ત તેમની આગળ કહેવું. પછી તેનું મોટા સંત સમાધાન કરે તથા પરમેશ્વર આગળ કહીને એ વચનનું સમાધાન કરાવે, પણ પરમેશ્વરે અયોગ્ય કે યોગ્ય વચન કહ્યું હોય તે સમયે ના પાડવી નહિ.

એવી રીતની યુક્તિએ કરીને મોટાના વચનને પાછું ઠેલવું, પણ તત્કાળ ના પાડવી નહિ. **(વચ. સા.પ્ર-૨)**

ભગવાનનો દ્રઢ આશ્રિત હોય ને તે જેવો તેવો ગરીબ હરિભક્ત હોય તો પણ તેની આગળ માન ન રાખવું. **(વચનામૃત લોયા-૬)**

આચાર્ય મહારાજશ્રી, મોટા સંતો તથા વડિલોને સંબોધતા 'આપશ્રી' કહેવું, પણ 'તમે' એમન કહેવું.

સવારમાં પૂજા કરીને અથવા જ્યારે પહેલા મળે ત્યારે અને છૂટા પડીએ ત્યારે **'જય સ્વામિનારાયણ'** કહી નમસ્કાર કરવા.

મોટેરા બોલાવે ત્યારે 'હા' એટલું જ ન કહેતા 'જીહાં' એમવિવેકથી બોલવું.

પત્ર લખીએ ત્યારે આચાર્ય મહારાજશ્રીને માટે ધર્મકુલ મુગટમણિ, ધર્મમાર્તંડ

**પ.પૂ.ધ.ધુ.૧૦૦૮** શ્રી આચાર્ય મહારાજશ્રી ! અને સંતોને માટે **પરમપૂજ્ય,** સદ્‌ગુરૂશ્રી તથા હરિભક્તોને માટે **પરમભગવદીય,** સત્સંગ શિરોમણિ, હરિભક્ત શિરોમણિ એ પ્રમાણે જે **ઉપમાને** યોગ્ય હોય તે પ્રમાણે લખવું. પણ પોતાના નામઆગળ શ્રી વિગેરે ઉપમા ન લખાય.

આપણાથી મોટા હોય તેના તરફ વાંસો રાખીને ન બેસવું.

આપણા ગુરૂ આદિ સાથે ચાલતા હોઈએ ત્યારે તેમનાથી બે ડગલા પાછળ ચાલવું. તે પાછળ હોય તો રસ્તો આપી આગળ થવા દેવા. તેમના હાથમાં કાંઈ સામાન હોય તો આપણે ઉપાડી લેવો. દરવાજો ખોલવાનો હોય તો આપણે ખોલી આપવો.

કથા-વાર્તા, વ્યાખ્યાન કે ભજન-કિર્તનમાંથી વચ્ચે ન ઊઠવું. કથામાં વાતચીત ન કરવી, મોડા

આવ્યા હોઈએ તો પાછળ બેસવું પણ આગળ બેસવા પ્રયત્ન ન કરવો. ખાંસી થઈ હોય તો કથામાં બેસી વિઘ્ન ન કરવું. કથામાં ઉંઘવું એ પણ ઠીક નથી.

આપણે કોઈ ઓટલા કે ખુરશી વગેરે ઉપર હોઈએ ને મોટા સાથે વાત કરવી હોય તો નીચે ઉતરીને વાત કરવી.

મોટા સાથે વાત કરતાં ઊભા થઈને વાત કરવી. જો તે ઊભા હોય તો જરૂર ઊભા થવું. ગાડીમાંથી પણ નીચે ઉતરીને વાત કરવી.

મોટેરા આવે ત્યારે ઊભા થઈ સ્વાગત કરવું. જાય ત્યારે દરવાજા કે ગાડી સુધી વળાવવા જવું.

જમવા સમયે મોટાઓને આપણા હાથે પીરસવું. તેમના જમ્યા પછી કે સાથે જમવું.

સભામાં કે જમવામાં યોગ્ય સ્થાને બેસવું કે જ્યાંથી કોઈ ઊઠવાનું કહે નહિ. અર્થાત્ પહેલેથી

વડિલોની માટે જગ્યા રાખીને બેસવું.

સભામાં વિવેક રાખવો, હસવા જેવી વાત હોય તો ધીમે ધીમે હસવું પણ **અટહાસ્ય** ન કરવું.

વિદ્યા, વય અથવા અધિકારમાં મોટા હોય તેમની આગળ **નમ્રતાથી ભાષણ** કરવું.

ગુરૂ, વડિલ અને શેઠના આસન જે ખુરશી, ગાદી કે પાટ તે ઉપર તેમની ગેરહાજરીમાં પણ ન બેસવું.

રાજા, શ્રીમંત, બાળક, વૃદ્ધ, વિદ્વાન, સ્ત્રી, અને મૂર્ખ અને ગુરૂ એમની આગળ **વિવાદ** થાય તેવા પ્રકારનો **ઉત્તર** આપવો નહિ.

જેના ઉપર ક્રોધ ઉપજે તેને આપણા ઈષ્ટદેવ જે ભગવાન શ્રી સ્વામિનારાયણ તેનો ભક્ત જાણીને તત્કાળ માન મૂકીને નમસ્કાર કરવા. વડીલ સાધુ હોય તો તેમને **સાષ્ટાંગ દંડવત્ કરવા.** સાંખ્યયોગી બાઈઓને પણ ક્રોધ ઉપજે તો

કર્મયોગી સ્ત્રીઓને બેઠે થકે **નમસ્કાર** કરવા. એમશ્રી સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત એવા આપણે સર્વેએ ક્રોધ તથા માનનો સર્વપ્રકારે ત્યાગ કરવો.

આવી રીતે અનેક પ્રકારની **નાની મોટી મર્યાદાઓ** રાખવાની હોય છે.

## :: ૬ - સમૈયાની મર્યાદા ::

સમૈયામાં આવીએ છીએ તેમાં 'ભગવાનને ભજવા અને સંતસમાગમકરવા આવીએ છીએ.' એમમાની આળસ તજી **કથાવાર્તા** તથા સભામાં હાજરી આપવી અને **સત્સંગ** કરી **કલ્યાણકારી ગુણો** મેળવવા, પણ જેમ મેળામાં ગયા હોઈએ તેમ બજારમાં ભટકી પૈસા ખર્ચી **ખાલે ખાલી** પાછા ઘેર ન આવવું.

સમૈયામાં બીન જરૂરી વીજળીની બત્તી, પંખા કે પાણીની ચકલી ચાલુ ન રાખવી.

UNDER SHREE RADHARAMANDEV JUNAGADH

દર્શન કરવા, જમવા કે સભામાં જઈએ ત્યારે એક પછી એક શાંતિથી જવું, પણ **ધક્કામૂક્કી** ન કરવી. સ્વયંસેવકની આજ્ઞાનું પાલન કરવું.

રસ્તા વચ્ચે ઊભા રહી વાતચીત કરતાં **ગીર્દી** ન કરવી. વાતચીત કરવા અલાયદા એક બાજુ હઠી જવું, સભા કે કથામાં **વાતચીત** ન કરવી.

સમૈયામાં હરિભક્તોનો સમૂહ વધારે હોય તેથી સહેજ પણ **ગંદકી** ન થાય તે જોવું. ગંદકી કરવાથી **રોગચાળો** વધે તેવી કોઈ ક્રિયાના **ભાગીદાર** આપણે ન થવું.

ઉત્સવમાં જાહેર રસ્તામાં કચરો કે કેળાંની છાલ વિગેરે નાખવું નહિ. જો પડેલું હોય તો કચરાપેટીમાં અથવા યોગ્ય જગ્યાએ નાંખવું.

કોઈની ખોવાયેલી વસ્તુ જડે તો પ્રયત્ન કરી તેના માલિકને પહોંચાડવી અગર સેવા સમિતિ કે કોઠારમાં અથવા કાર્યાલય - ઓફિસમાં **જમા**

કરાવવી.

રસ્તામાં કાચના ટુકડા, ઈંટ, કાંટા કે અન્ય વિઘ્નરૂપ વસ્તુ દેખાય તો એક બાજુ **દૂર** ખસેડી દેવી.

ઉત્સવ માટે મંદિરમાંથી અથવા કોઈ હરિભક્ત પાસેથી લાવેલી વસ્તુ, જેવી સ્થિતિમાં મળી હોય તેવી સ્થિતિમાં **પરત** પહોંચાડવી. ઉતારામાં રહિએ ત્યારે દિવસે ગાદલાં સંકેલીને **યોગ્ય સ્થાને** મૂકવા.

ઉતારામાં **સ્વચ્છતા** રાખવી અને ત્યાંથી જતી વખતે **સાફ** કરીને નીકળવું, કેમકે ફરી આપણે કે અન્ય હરિભક્તોએ જ ત્યાં રહેવાનું હોય છે.

યાત્રાએ કે દેવ દર્શને જઈએ ત્યારે ગાંઠનું (પોતાનું ભાતુ કે ખર્ચીનું) જમવું. મંદિરમાં સગવડ મળે ત્યારે તેની કિંમત ઠાકોરજીને **ભેટરૂપે** આપવામાં આવે તો વાંધો નથી.

સમૈયા વખતે આપણા **સુખ સગવડ** માટે સંતોને તથા કાર્યકર્તાઓને **ત્રાસ** થાય તેમ ન કરવું.

નાના બાળકોનું જન-સમૂહમાં ધ્યાન રાખવું, બાળકોને ઘરેણાં પહેરાવવા નહિ.

ઉતારાની **ભીંતો** પર લીટા કે નામ લખવા નહિ. એંઠવાડ નાખી મકાનની ભીંત બગાડવી નહિ.

અન્ય હરિભક્તો સાથે **પ્રેમથી વર્તન** કરવું. નાની નાની વાતમાં કે પોતાના સ્વાર્થ ખાતર સ્વયંસેવક, સંતો કે અન્ય હરિભક્ત સાથે વાદવિવાદ કરી ઝઘડો ન કરવો.

ઉત્સવ સમૈયાની સભાના પ્રસંગે સભાસંચાલકે પ્રવચનકારના **વક્તવ્યને** બિરદાવવું, પણ તેનું વિશ્લેષણ ન કરવું કેમકે તેથી તો વક્તા અને શ્રોતાઓનું અપમાન થાય છે.

આ રીતે સમૈયાની અન્ય મર્યાદાઓ પણ

સમય અને પ્રસંગાનુસાર ઉચિત હોય તે સ્વીકાર કરી શકાય છે.

## :: ૭ - સામાન્ય મર્યાદા ::

જે સત્સંગનો દ્રોહી હોય ને પરમેશ્વરનું ને મોટા સંતનું ઘસાતું બોલતો હોય, એની આગળ તો માન રાખવું તે જ સારૂં છે અને તે ઘસાતું બોલે ત્યારે તેને તીખા બાણ જેવું વચન મારવું પણ વિમુખની આગળ નિર્માની થવું નહિ તે જ રૂડું છે. **(વચ. પંચાળા-૫)**

જે કાળમાં **વિષમપણું** વર્તતું હોય ને મારકૂટ થતી હોય ત્યાંથી ચાલી નીકળવું પણ તે ઠેકાણે રહીને માર ન ખાવો. **(વચ. લોયા-૬)**

જે પુરૂષ જેવા ગુણવાળો હોય, તે પુરૂષને તેવા વચને કરીને દેશકાળાનુસારે યથાયોગ્ય બોલાવવો, **(શિક્ષા. શ્લો.-૬૮)**

કોઈની પણ ગુહ્ય (છાની) વાત કોઈ ઠેકાણે

પ્રગટ ન કરવી. જે જીવનું જેવી રીતે સન્માન કરવું ઘટતું હોય તેનું તેવી રીતે જ **સન્માન** કરવું પણ સમદ્રષ્ટિએ કરીને એ મર્યાદાનું ઉલ્લંઘન કરવું નહિ. **(શિ. શ્લો.-૭૫)**

હરિભક્તને માંહોમાંહિ બરોબરિયાપણું રહે પણ એક એકનો ભાર ન આવે એ પણ અતિશય ભુંડું છે. **(વચ. ગ. અં.-૨૫)**

સળગતી દિવાસળી કે કોલસા સડક પર કે ક્યાંય ફેંકવા નહિ.

જ્યાં જવાની **મનાઈ** હોય કે તાર બાંધેલા હોય તેવા રસ્તે ન જવું.

ચોર માર્ગે કરી **પેસવું** નહીં અને **નિસરવું** નહીં. જે સ્થાનક **ધણિયાતું** હોય તે સ્થાનકને વિષે તેના ધણીને પૂછ્યા વિના **ઉતારો** ન કરવો. **(શિક્ષાપત્રી શ્લો.-૩૩)**

ઓફિસ-કચેરી આદિકમાં કોઈને મળવા જવું

ત્યારે ઘણા વ્યક્તિને સાથે ન લઈ જવા.

કોઈના ઘરે ભોજન કે ઉંઘવાના સમયે ન જવું.

કોઈએ ચોરનું કર્મ ન કરવું. ધણિયાતું કાષ્ટ, પુષ્પ આદિક વસ્તુ પણ તેના ધણીની આજ્ઞા વિના ન લેવું. **(શિક્ષાપત્રી શ્લો.-૧૭)**

સભામાં માણસ બેઠા હોય ત્યાંથી વચ્ચેથી ન જતાં પાછળથી જવું. વચ્ચેથી જવાનું થાય તો નીચા નમી **ક્ષમા** માંગીને જવું.

પંક્તિમાં બધાએ ભોજન સાથે શરૂ કરવું. સાથે ઊઠવું. જલ્દી ઊઠીએ તો રજા લઈને ઊઠવું. એંઠી થાળી અગર પાત્ર હઠાવી લેવું, જેથી જમનારને સુગ ન ચઢે. જમતી વેળાએ એઠું મુકી રાખવું નહિ. પડ્યું રહે તેટલા પ્રમાણમાં લેવું નહિ **અન્નનો બગાડ** કરવો નહિ. પીરસનારાએ જમનારની શક્તિ જોઈને પીરસવું. એઠું મુકવાથી

અન્નદેવનો **અપરાધ** થાય છે. જમતાં પહેલાં ભગવાનની માનસી પૂજા કરવી.

સભામાં છીંક કે ઉધરસ આવે તો મોઢા પર હાથ કે રૂમાલ રાખવો અને **સ્વામિનારાયણ સ્વામિનારાયણ** બોલવું. કારણ કે એક છીંક ખાવાથી ત્રણ લાખથી વધારે બેકટેરિયા બહાર નીકળે છે. માટે તે સમયે **હરિસ્મરણ** પરાયણ થવું.

હોટલના ચા-પાણી-નાસ્તો જમવા નહિ.

આપત્કાળના પ્રસંગ સિવાય સવારે ૩-૦૦ વાગ્યા પહેલાં **સ્નાન પૂજા** ન કરવી, કેમકે તે રાત્રિ સ્નાન **નિષિદ્ધ** ગણાય છે.

તિલકચાંદલો અવશ્ય કરવો. કેમકે **તિલકચાંદલો** કર્યા વિના દર્શન, પૂજા કે સત્કર્મને ભગવાન સ્વીકારતા નથી.

ગુપ્તદાન મહાદાન છે. પુણ્ય કે પાપ જાહેર કરવાથી તેનો નાશ થાય છે.

UNDER SHREE RADHARAMANDEV JUNAGADH

આવકનો દશમો અથવા વિશમો ભાગ દેવને બિનશરતી અર્પણ કરવો. અર્થાત પોતાના વિભાગમાં જ્યાં પોતાનું રહેઠાણ હોય તથા ખેતી, ધંધો વગેરે હોય તેવા શિખરબધ્ધ મંદિરમાં ધર્માદો આપવો. ધર્માદો પોતાની ઈચ્છા અનુસાર ગમે તે મંદિરે કે અન્ય સંસ્થાઓમાં આપી શકાય નહિ. કેમકે તે દેવના ભાગનું દ્રવ્ય છે. તેનો ઉપયોગ કરવાનો આપણને કોઈ હકક નથી.

રસોઈ કે થાળ જેવા ખર્ચાઓ ધર્માદાની રકમમાંથી કરવા નહિ. અન્યથા કેટલાક ગામમાં દેવનો ધર્માદો ભેગો કરીને રસોઈ બનાવી પ્રેમથી જમે અને તેમ કરતાં બચેલી રકમ ધર્માદા નિમિત્તે મંદિરે આપે છે. તે યોગ્ય નથી.

UNDER SHREE RADHARAMANDEV JUNAGADH

વર્ષના અંત સુધીમાં દેવના કોઠારે ધર્માદાની રકમ જમા કરાવવી.

વડતાલ દેશના હરિભક્ત અમદાવાદ દેશમાં

સહપરિવાર રહીને ધંધો ઉદ્યમ કરતા હોય તો અમદાવાદના મંદિરમાં ધર્માદો આપવો અને એજ રીતે અમદાવાદ દેશના હરિભક્ત સહપરિવાર વડતાલ દેશમાં રહેતા હોય તો તેમણે વડતાલ દેશમાં ધર્માદો આપવો.

વળતર લીધા સિવાય બિનશરતી દેવના કોઠારે ધર્માદાની રકમ જમા કરાવવી.

દેવનો ધર્માદો ચોખ્ખો નહિ આપનાર માણસ વ્યવહારે કરીને હંમેશા **દુઃખી** રહે છે.

ધર્માદાની રકમ સત્સંગીઓ પાસેથી એકત્ર કરીને ટ્રસ્ટ કે મંડળ બનાવીને **વહીવટ** કરવાનો **અધિકાર** શ્રીજીમહારાજે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સિવાય કોઈનેય આપ્યો નથી.

ધર્માદાની દશમા વિશમા ભાગની **ગણત્રી** માટે જણાવવાનું કે - પોતાનો ધંધો, ખેતી, વેપારની ઉપજની **બચત રકમ** માંથી દશમો વિશમો ભાગ ગણવો. ધંધાની ઉપજમાં કાયદેસરનું **ધંધાકીય**

**ખર્ચ** બાદ કરીને બાકી રહેલ રકમને બચત અથવા **આવક** કહેવાય છે. તેમાં વ્યાવહારિક તથા ઘરના ખર્ચનો **સમાવેશ** થતો નથી.

દશમો ભાગ એટલે **દશ ટકા** અને વિશમો ભાગ એટલે **પાંચ ટકા** ગણાય છે. જે શ્રીહરિને **અર્પણ** કરવાથી દેવઋણમાંથી **મુક્તિ** મળે છે. તે અખિલેશ્વરની મર્યાદાઓના **નિયમો** શ્રીહરિના ભક્તોને હાલમાં આવશ્યક ઉપયોગી જાણી આ **સંગ્રહરૂપે** પ્રસ્તુત શિક્ષામૃત (શિક્ષાપત્રી વગેરે) સાથે **સંકલિત** કરેલ છે. તેને અનુસરી ભગવાન શ્રી સ્વામિનારાયણની **પ્રસન્નતાના** **સુપાત્ર** બની રહિએ એ જ **આકાંક્ષા** સહ અભ્યર્થના...

UNDER SHREE RADHARAMANDEV JUNAGADH

**॥ અસ્તુ મંગલમ્ ॥**

**જય શ્રી સ્વામિનારાયણ**

**આહવાન મંત્ર :**

ઉત્તિષ્ઠોત્તિષ્ઠ હે નાથ, સ્વામિનારાયણ પ્રભો ! ।
ધર્મસૂનો દયાસિંધો, સ્વેષાં શ્રેયઃ પરં કુરૂ ॥
ઉત્તિષ્ઠોત્તિષ્ઠ ગોવિંદ ! ઉત્તિષ્ઠ ગરૂડ ધ્વજ !
ઉત્તિષ્ઠ કમલાકાન્ત ! ત્રૈલોક્યં મંગલં કુરૂ ॥
આગચ્છ ભગવન્ ! દેવ ! સ્વસ્થાનાત્પરમેશ્વર ! ॥
અહં પૂજાં કરિષ્યામિ, સદા ત્વં સન્મુખો ભવ ॥

**વિસર્જન મંત્ર :**

સ્વસ્થાનં ગચ્છ દેવેશ ! પૂજામાદાય મામકીમ્ ।
ઈષ્ટકામપ્રસિદ્ધ્યર્થં, પુનરાગમનાય ચ ॥

તીર્થધામ સરધાર

**ગુરૂ મંત્ર**

(૧) **શ્રીકૃષ્ણ ત્વં ગતિર્મમ ।** (હરિભક્તો માટે)
(૨) **બ્રહ્માહં કૃષ્ણદાસોઽસ્મિ ।**

**-:: જય શ્રી સ્વામિનારાયણ ::-**